
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

# સહાનુભૂતિ

સહાનુભૂતિ એ દાઝતા જીવોને માટે શીતલ પાણીની પરબ છે. સહાનુભૂતિ એ દીપક છે. ત્રાસના અંધકારમાં અથડાતાં હૃદયનો એ આધાર છે. વાસનાના તિમિરમા જીવન-કેડી ખોઇ બેઠેલા માનવીનો એ પથદર્શક છે. આ દીપની સૌ કોઇએ માવજત કરવી જોઇએ. એની ચીમની કાળી ન થઇ જાય, એના પર મેશના થર બાઝી ન જાય તે માટે દરરોજ એને માંજતા રહેવું જોઇએ. એની સ્વચ્છ ચીમની દ્વારા નીકળતો પ્રકાશ સૌ કોઇને મળ્યાં કરશે. પ્રભાતે બીજા દીપકો ભલે બુઝાઇ જાય, પણ સહાનુભૂતિનો આ દીપ કદી ન બુઝાય એની ખૂબ કાળજી લેવી જોઇએ.

'સાધનાની પગદંડીયે'

પુસ્તક ૫૫
અંક ૧૦-૧૧

પ્રકાશકઃ-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

શ્રાવણ
ભાદરવો
સં. ૨૦૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विषयानुक्रम

| | | | |
|---|---|---|---|
| ૧. | કાયમનું ઘર | | ૧૪૫ |
| ૨. | પ્રભુ મહાવીર ક્યાં મળશો ? | ( શ્રી પાદરાકર ) | ૧૪૬ |
| ૩. | ક્ષમાપના | ( વસંતકુમાર બી. દોશી ) | ૧૪૭ |
| ૪. | શ્રી સુવિધિનાથ જિન સ્તવન | ( અમરચંદ માવજી શાહ ) | ૧૪૮ |
| ૫. | ભક્તિ સમર્પણ શી રીતે કરાય ? | (શ્રી બાલચંદ હીરાચંદ ' સાહિત્યચંદ્ર ') | ૧૪૯ |
| ૬. | મિથ્યાત્વ અને તેના ભેદો | ( પં. શ્રી સુશીલવિજયજી ગણિ ) | ૧૫૦ |
| ૭. | વામન અને વિરાટ | ( મગનલાલ ડી. શાહ ) | ૧૫૩ |
| ૮. | મહત્વાકાંક્ષા ( સંપૂર્ણ ) | ( વિઠ્ઠલદાસ મૂ શાહ ) | ૧૫૭ |
| ૯. | એ રમણી-રત્નોના ચરણમાં | ( શ્રી મોહનલાલ દી ચોકસી ) | ૧૬૧ |
| ૧૦. | શ્રી સિદ્ધચક્રજીની આરાધના | ( મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી ) | ૧૬૩ |
| ૧૧. | જર્મન તત્વજ્ઞાની નિત્શેઃ એક પરિચય | ( પ્રૉ. જયંતિલાલ ભા. દવે ) | ૧૬૭ |

## અગત્યનું

આ સભા તરફથી આજ સુધીમાં માગધી, સંસ્કૃત, ગુજરાતી, ઈંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો નાના-મોટા ગ્રંથો પ્રગટ કરવામાં આવ્યા છે, તેમાંના મોટા ભાગના ગ્રંથો તો તરત ખપી જવાથી હાલ સ્ટોકમાં નથી, અને જે કંઈ સ્ટોકમાં છે તેમાંથી પણ ઘણી નકલો આજે ખલાસ થવા આવેલી છે.

ખાસ રાહતથી આપવાના ગ્રંથો અમુક પ્રમાણમાં જ કાઢવામાં આવ્યા છે અને તે સૌ પહેલાં સભાના સભાસદ બંધુઓને આપવાના છે અને તે ઉપરાંત જૈન ગ્રંથભંડારો-પુસ્તકાલયો કે પૂજ્ય મુનિમહારાજોને પણ આ લાભ આપવામાં આવશે.

૧. **જ્ઞાનપ્રદીપ :** આ ગ્રંથમાં સ્વ. આચાર્ય વિજયકસ્તૂરસૂરીશ્વરજીએ લખેલ આધ્યાત્મિક લેખોનો સર્વ-સંગ્રહ રજૂ કરવામાં આવેલ છે તેમાંના લેખો એટલા ઊંડા અને તલસ્પર્શી છે કે તે વાંચનારને જૈન-દર્શનશાસ્ત્રનો ઊંડો અભ્યાસ આપોઆપ થઈ જાય છે. ટૂંકમાં આત્મસિદ્ધિને માટે આ ગ્રંથ ખાસ વાંચન-મનન કરવા જેવો છે. લગભગ છ સો પાનાનો આ ગ્રંથ મોટો હોવા છતાં તેની કિંમત માત્ર રૂા. ૮-૮-૦ રાખવામાં આવેલ છે. જ્યારે ખાસ રાહત તરીકે તેની કિંમત ૬-૦-૦ લેવામાં આવશે ( રવાનગી ખર્ચ અલગ )

૨ **કથારત્ન કોશ :** —ભા. ૧-૨. આજ સુધીમાં પ્રગટ નહિ થએલ એવી કથાઓનો સંગ્રહ આ બન્ને ભાગમાં આપવામાં આવેલ છે. દરેક કથા સરળ શૈલિએ અને ધાર્મિક-સંસ્કાર પ્રેરતી રહે તે રીતે આલેખવામાં આવેલ છે.

તેના પ્રથમ ભાગની કિંમત રૂા. ૧૦-૦-૦ તથા બીજા ભાગની કિંમત રૂા. ૮-૦-૦ છે. એમ છતાં તે આપને અનુક્રમે રૂા. ૮-૦-૦ અને રૂા. ૬-૮-૦થી આપવામાં આવશે. જ્યારે બન્ને ભાગના રૂા. ૧૮-૦-૦ને બદલે માત્ર રૂા. ૧૩-૦-૦ લેવામાં આવશે ( રવાનગી ખર્ચ અલગ. )

લખોઃ- **શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૫૫ મું ] સં. ૨૦૧૪ દ્વિતીય શ્રાવણ-ભાદ્રપદ [ અંક ૧૦-૧૧

# કાયમનું ઘર

संशयं खलु सो कुणः जो मग्गे कुणइ घरं ।
जत्थेव गंतुमिच्छेज्जा तत्थ कुव्वेज्ज साश्वयं ॥

ચાલતાં ચાલતાં માર્ગમાં ઘર કરવું એ ખરેખર સંદેહભરેલું છે. જ્યાં જવાની ઈચ્છા છે ત્યાં જ શાશ્વત ઘર કરવું જોઇએ.

જેમ સાર્થવાહ નગર નગરમાં ફરતાં ક્યાંય ઘર કરતો નથી, પરંતુ જ્યાં પોતાને કાયમ રહેવાનું છે ત્યાં ઘર કરે છે તેવી રીતે જીવે ભવોભવમાં ભટકતાં ક્યાંય પણ ઘર કરવું ન જોઇએ, પરંતુ જ્યાં પોતાને કાયમ રહેવાનું છે ત્યાં જ શાશ્વત ઘર કરવું જોઇએ. એટલે કે સંસારમાં ભવભ્રમણ વધે અને સંસારમાં સ્થિર થઇ જવાય તેમ નહિ વર્તતાં જલદી મુક્તિધામે-શાશ્વત ઘરે પહોંચી જવાય તેવું વર્તન કરવું જોઇએ.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ મહાવીર ક્યાં મળશો ?

( આશા રાગ )

ક્યાં મળશો પ્રભુ વીર ! વહાલા ! ક્યાં ?

ઉપાશ્રેયો પૌષધશાળામાં લાધ્યાન મેરુ-ગંભીર !
સૂરીશ્વરોના વ્યાખ્યાને, મેં શોધ્યા બની અધીર ! વહાલા.

દેરાસરના ગર્ભદ્વારે. ઉત્સવ-ઉપધાને ધીર !
વરઘોડા-દીક્ષા-દાને, નવ નીરખ્યા પ્રભુ મહાવીર ! વહાલા.

યાત્રાધામો અવલોકયાં, સ્નાને શેત્રુંજી-નીર !
પુસ્તક-પાને-ચર્ચા વાદે, જડયા ન જલ-સર-ગીર ! વહાલા.

દિગંબરો, ઢૂંઢક, તેરા, શ્વેતાંબર તાતાં તીર-
લડતાં નવ પામ્યા તુજને, ઓ છુપાયેલા મહાવીર ! વહાલા.

કુસુમ લચ્યાં ઉદ્યાને ઝૂકે, વૃક્ષરાજી ગંભિર !
કલકલ નાદ-નિનાદે પણ તું, જડયો નહિં શૂરવીર ! વહાલા.

તિથિચર્ચા ને તામ્ર મંદિરે, કોર્યાં આગમ ચીર !
સુપન ઉતાર્યાં, ઝૂલ્યાં પારણાં, પ્રતિક્રમણ નમી શિર ! વહાલા.

તપ ત્યાગે તન ખૂબ તપાવ્યો, બાળી વિકાર-શરીર,
મિથ્યા દુષ્કૃત જીભ કહે, ત્યાં ડોકાયો ન લગીર ! વહાલા.

લક્ષ્મીનંદન રાય-રંક મ્હાલાતે સાગર તીર !
આરસ-હીરા-પન્ના આંગી, કયાંય મળ્યો નવ મીર ! વહાલા.

જૈન અયાચક રાહત શોધે, નભ આંખડી અધીર,
કોન્ફરન્સ મંડપ વ્યાખ્યાને, કાનૂનની જંજીર ! વહાલા.

વિમળ વિજય સાગર ખરતરથી સમાચારીનાં ચીર !
ત્યજી વ્યાખ્યાનો, અલગ ભાષણો, મળ્યો ન આત્મફકીર ! વહાલા.

સામૈયાં, મુહપત્તી, મુખબંધન, કેશલોચને શિર-
સાધુ પરિષદ શાસ્ત્રાર્થે, વર ક્રિયાનુષ્ઠાને વીર ! વહાલા.

ઘૂમ્યો મંદિરો ઉપાશ્રયો, મન રાખી જેમ તેમ સ્થિર !
આભ આંખડી, જોઉં વાટડી, કયાં દર્શન ઓ વીર ! વહાલા.

For Private And Personal Use Only

જાદુ થયો પલકારો, ઝબક્યો, ઝબકારો જાણે ! તીર !
માનવતાના મહેરામણમાં, શ્રદ્ધા–પ્રેમે–વીર ! વહાલા.

મસ્તયોગ અધ્યાત્મે, પળ–પળ, સ્મરણ રમણ ને નીર !
હું–તું બાળે, પાપ પ્રજાળે, પરદુઃખ ભાગે ભીડ ! વહાલા.

દિલભીતર સમતા સદ્ભાવે, આત્મ ઉજાગર ધીર.
એને હૈયે પરગટ નીરખ્યો, મેં મારો મહાવીર ! વહાલા.

દેહ–દેવળમાં આત્મ–સ્વરૂપે, ઝળહળ જ્યોત–સમીર !
છૂપાયેલો છાનો છતરાયો, થયો આજ મહાવીર ! વહાલા.

મન મારું પોકારે મૂરખા ! કાં ગોતે છે ગીર !
'મણિમય' દર્શન–જ્ઞાન–ચરણથી, પુલકિત હૃદય શરીર ! વહાલા.

પાદરાકર

## — ક્ષમાપના —

વર્તે જ્યાં જ્ઞાની દશા, મોહ વિનાશ જ થાય;
રાગ દ્વેષ પણ છૂટતાં, પરમ અર્થ પમાય.

આ જીવન ખારું બધું, લેશ ન કરીએ રાગ;
અહીંનું અહીં સમાવીને, જલવું છે મહીં આગ.

પ્રલોભનો સંસારના, જોઈ કર્યાં છે દ્વેષ;
તેથી અંત ન આવતો, મટતો નથી કલેશ.

એમ વિચારી અંતરે, વર્તાવી ભવ ખેદ;
નમાવું છું હું શિષને, ત્યજવા સૌ ઉદ્વેગ.

આપો આપો ક્ષમાપના, અંતર કરે પુકાર;
હું ભાજન છું દોષનો, વિનવું વારંવાર.

"કષાયની ઉપશાંતતા, ક્ષયોપશમે પમાય;"
એ મંત્ર હૃદયે ગ્રહી, કરી છૂટીએ શકયાર્થ.

વસંતકુમાર બી. દોશી
'ઋતુરાજ,'

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સુવિધિનાથ જિન સ્તવન

## [ આત્મસિદ્ધિના આધારે ષડ્દર્શનની સંક્ષિપ્ત પર્યાલોચના ]

( રાગ–ૠષભ જિનેશ્વર પ્રીતમ માહરો )

સુવિધિ જિનેશ્વર વિધવિધ મત મંહીં, સત્‌રૂપ ધર્મ જણાવ;
મત પંથાદિક જાળે હું ફસ્યો, મારગ સાચો બતાવ. સુવિધિ ટેક–૧
કોઇ કહે આતમા જેવું છે નહિ, નહિ પ્રત્યક્ષ પ્રમાણ;
માત્ર દેહ તે આતમા જાણવો, નહિ કંઇ જુદું એંધાણ. સુવિધિ....૨
કોઈ કહે આતમા નિત્ય સદા નહિ, દેહની સાથે પ્રકાશ;
દેહ સંયોગથી એ નિત્ય ઊપજે, દેહ વિયોગે રે નાશ. સુવિધિ....૩
કોઇ કહે આતમા કર્મકર્તા નહિ, કર્મનું કર્તા છે કર્મ;
આતમા અસંગ રૂપ સદા ગણો, કર્મ નહિ જીવનો ધર્મ. સુવિધિ....૪
કોઇ કહે આતમા ફળ ભોક્તા નહિ, ફળ પરિણામી ન કર્મ;
ફળદાતા જો ઇશ્વર હોય તો, ભોક્તાપણું ઠરે ધર્મ. સુવિધિ....૫
કોઈ કહે જીવનો મોક્ષ કદી નહિ, શુભાશુભ રૂપ થાય;
દેવ નરકાદિમાં પુન્ય પાપ ફળ, ભોગવતો એ સદાય. સુવિધિ....૬
કોઇ કહે મોક્ષ ઉપાય નહિ મળે, વિધવિધ દર્શનભેદ;
સુવિધિ જિનેશ્વર આ શંકાતણો, ઉડાવી દીઓ છેદ. સુવિધિ....૭
સુવિધિ જિનેશ્વર કહે ભવ્ય સાંભળો, વિધવિધ મતનો વિવેક;
સ્યાદ્વાદે કરી સત્ રૂપ જાણજો, જિનમતની ધરી ટેક. સુવિધિ....૮
દેહાધ્યાસે રે દેહ સમ આતમા, પણ બંને નહિ એક;
સર્વ અવસ્થામાં ન્યારો એ સદા, અબાધ્ય અનુભવ છેક. સુવિધિ....૯
આતમા દ્રવ્યથી નિત્ય જણાય છે, પણ પર્યાયે પલટાય;
સર્વ અવસ્થાનું જ્ઞાન છે એકને, તેથી છે નિત્ય સદાય. સુવિધિ....૧૦
ચેતન પ્રેરણા વિણ કોણ કર્મ કરે, જડ સ્વભાવ ન ધર્મ;
જો ચેતન નહિ કરતો પ્રેરણા, તો નહિ થાતાં રે કર્મ. સુવિધિ....૧૧
શુભાશુભ રૂપ ભાવ કર્મનું, શુભાશુભ ફળ થાય;
કર્તાપણા જેમ છે ભોક્તાપણું, સમજો વિચારીને ન્યાય. સુવિધિ....૧૨
શુભાશુભ રૂપ ભાવને છેદતાં, પ્રગટે શુદ્ધ સ્વભાવ;
કર્તા ભોક્તા પર પુદ્ગલ મટી, નિજકર્તા મોક્ષભાવ. સુવિધિ....૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગ દ્વેષ અને અજ્ઞાન એ, કર્માશ્રવની છે ગ્રંથ;
જેહથી થાયે નિવૃત્તિ બંધની, તે સંવર મોક્ષ પંથ. સુવિધિ...૧૪
મત દર્શનનાં વિકલ્પને ત્યાગીને, સાધશે સમ્યક્ સત;
'અમર' દર્શન જ્ઞાન ચરણથકી, નિજ ગુણ થાશે રે રત્. સુવિધિ....૧૫

**અમરચંદ માવજી શાહ**

---

# ભક્તિસમર્પણા શી રીતે કરાય ?

( ભક્ત કહે છે, પ્રભુના ગુણો અનંત છે. એમની સામે ધન પણ પથ્થર જ છે, કલ્પવૃક્ષો પણ કાષ્ઠ જ છે. પ્રભુએ પોતાના મનને માર્યું છે ત્યારે હું પોતાનું મન પ્રભુના ચરણમાં અર્પણ કરું છું. )

(સ્વાગતા છંદ)

શી રીતે કરવી પ્રભુ પૂજના ?
સાધવી શુભ ભક્તિ સમર્પણા ?
મૂંઝવે પ્રથમે મુજ પ્રશ્ન એ
સાર્થ ઉત્તર માહરું શું હવે ?

જેહના ગુણ અનંત અપાર
વિશ્વમાં ન ગણે કોઇ ધીર
એક શબ્દ વિશે જ સમાવ્યો
મેં અનંત સદા મન ભાવ્યો

રત્નસંચય પથ્થરનો બન્યો
કલ્પવૃક્ષ જ કેવળ કાષ્ઠનો
યોગ્ય સાધન કો' ન સમર્પણા
સ્તબ્ધ થઈ મનની સહુ ભાવના

વૈભવો પદને જસ સેવતા
છે જગત્પતિની અધિકારિતા
શું કરું પદવી શુભ અર્પણા
ચિત્સમર્પણની કરું પૂજના

જે પ્રભુ સ્વમનને પણ મારે
ત્યાં દિસે ન મન નિશ્ચિત ત્યારે
અર્પણા નિજના મનની કરું
સ્હેજમાં ભવવારિધિ હું તરું

**'સાહિત્યચંદ્ર' બાલચંદ હીરાચંદ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મિથ્યાત્વ અને તેના ભેદો

પં. શ્રી સુશીલવિજયજી ગણિ.

" न मिथ्यात्वसमः शत्रु-
र्न मिथ्यात्वसमं विषम् ।
न मिथ्यात्वसमो रोगो,
न मिथ्यात्वसमं तमः ॥ "

વિશ્વમાં શત્રુઓ અનેક હોય છે, પણ મિથ્યાત્વ સમાન કોઇ શત્રુ નથી; જગતમાં વિષ-ઝેર અનેક પ્રકારનું હોય છે, પણ મિથ્યાત્વ જેવું કોઈ ઝેર નથી, દુનિયામાં રોગ ઘણા હોય છે પણ મિથ્યાત્વ સરખો કોઇ રોગ નથી; અને આલમમાં અંધારું પણ અનેક પ્રકારનું હોય છે છતાં પણ મિથ્યાત્વ જેવું કોઈ અંધારું નથી.

## મિથ્યાત્વ

તરણતારણ શ્રી તીર્થંકર પરમાત્માએ-સર્વજ્ઞ વિભુએ મિથ્યાત્વને સમ્યક્ત્વના હરિફ-પ્રતિપક્ષી તરીકે પ્રતિપાદન કરેલ છે. આ મિથ્યાત્વ કર્મરાજાના સામ્રાજ્યમાં સુંદર ભાગ ભજવે છે. જગતના અનેક જંતુઓ-પ્રાણીઓ તેના સકંજામાં સપડાએલા છે. પછી ભલેને તે પ્રાણી દેવગતિમાં હોય, માનવગતિમાં હોય, તિર્યંચ ગતિમાં હોય કે નરકગતિમાં હોય.

## મિથ્યાત્વ એટલે શું ?

(૧) મિથ્યાત્વ એટલે નિર્મલ આત્માને મલિન કરનાર મોહનીય કર્મનો મલિન કાદવ-કચરો.

(૨) મિથ્યાત્વ એટલે આત્માને મોહનીય કર્મની પ્રકૃતિઓ સાથેનો ગાઢ સમ્બન્ધ.

(૩) મિથ્યાત્વ એટલે સુદેવ, સુગુરુ અને સુધર્મમાં કુદેવ, કુગુરુ અને કુધર્મની બુદ્ધિ ઉત્પન્ન કરી આત્માને મૂંઝવી નાખનાર મદિરા.

(૪) મિથ્યાત્વ એટલે કુદેવ, કુગુરુ અને કુધર્મમાં સુદેવ, સુગુરુ અને સુધર્મની બુદ્ધિ ઉત્પન્ન કરનાર મહા અજ્ઞાન.

(૫) મિથ્યાત્વ એટલે સમ્યક્ત્વનો પ્રતિપક્ષી મહા શત્રુ.

(૬) મિથ્યાત્વ એટલે કર્મ સમ્રાટ્નો ભડવીર સુભટ.

(૭) મિથ્યાત્વ એટલે શ્રી સર્વજ્ઞદેવે વર્ણવેલ જીવાદિ પદાર્થો વગેરેને વિપરીત જોવાના ઊંધા ચશ્મા.

(૮) મિથ્યાત્વ એટલે આત્માને અધોગતિમાં લઈ જનાર કર્મસત્તાનો અદ્વિતીય દૂત.

(૯) મિથ્યાત્વ એટલે અધર્મની પોષક અલૌકિક વસ્તુ.

(૧૦) મિથ્યાત્વ એટલે મોક્ષનાં દ્વાર બંધ કરનાર મજબૂત અર્ગલા.

(૧૧) મિથ્યાત્વ એટલે વસ્તુસ્વરૂપ પ્રત્યે વિપરીત શ્રદ્ધા, અને તેની વિપરીત પ્રરૂપણા.

(૧૨) મિથ્યાત્વ એટલે આત્માનો મહાભયંકર રોગ.

(૧૩) મિથ્યાત્વ એટલે ધર્મનું ઘનઘોર અંધારું

(૧૪) મિથ્યાત્વ એટલે જગતના જીવોને વિષમય બનાવનાર સર્વોત્કૃષ્ટ ઝેર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૫) મિથ્યાત્વ એટલે અવિરતિ, કષાય અને યોગ એ ત્રિપુટીનો અનુપમ સહચર.

## મિથ્યાત્વની વ્યાખ્યા અને અર્થ

પ્રત્યેક શબ્દ અને ધાતુ આદિની સિદ્ધિ વ્યાકરણ શાસ્ત્રથી થાય છે. **मिथ्यात्व** શબ્દ પણ **मिथ्या** અવ્યયથી " **भावे त्व- तल्** [૭-૧-૬૬] એ સિદ્ધહેમ૦ ના તદ્ધિત સૂત્રથી ભાવ અર્થમાં **त्व** પ્રત્યય આવીને બનેલ છે.

**मिथ्यात्वनो** અર્થ-મિથ્યાપણું, વિપરીત ભાવ-વિપરીત શ્રદ્ધાન છે.

## મિથ્યાત્વના અનેક ભેદો

મિથ્યાત્વના ભિન્ન ભિન્ન દષ્ટિએ ભિન્ન ભિન્ન પ્રકારો પડે છે. ક્રમશઃ તે નીચે પ્રમાણે છે.

### [ એક પ્રકારે ]

શ્રી સર્વજ્ઞ વિભુના વચન પર અવિશ્વાસ તથા જીવાદિ પદાર્થો પર અશ્રદ્ધા તે એક પ્રકારે મિથ્યાત્વ કહેવાય છે.

### [ બે પ્રકારે ]

મિથ્યાત્વ વ્યક્ત અને અવ્યક્ત એમ બે પ્રકારે છે.

(૧) વ્યક્ત મિથ્યાત્વ (૨) અવ્યક્ત મિથ્યાત્વ.

(૧) પ્રમાણ વાક્યો અને યુક્તિવડે એકાંત પક્ષની પુષ્ટિ કરનારા એવા વ્યક્ત-સ્પષ્ટ ચૈતન્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય વગેરે પ્રાણીઓને જે મિથ્યાત્વ હોય છે તે 'વ્યક્ત મિથ્યાત્વ' કહેવાય છે.

(૨) આત્માના સમ્યગ્દર્શનાદિ ગુણોનું આચ્છાદન કરનાર અને જીવની સાથે સર્વદા સતત ભાવે રહેનાર, અસંજ્ઞી એકેન્દ્રિયાદિકને તથા નિગોદના જીવોને જે મિથ્યાત્વ હોય છે તે 'અવ્યક્ત મિથ્યાત્વ' કહેવાય છે.

વળી મિથ્યાત્વ દ્રવ્ય અને ભાવ એમ બે રીતે છે.

[૧] દ્રવ્ય મિથ્યાત્વ [૨] ભાવ મિથ્યાત્વ.

[૧] બાહ્યવૃત્તિથી મિથ્યાત્વનું આચરણ કરે અને અભ્યંતર-અંતરંગ વૃત્તિમાં સમ્યક્ત્વ-સમકિતનું નિર્મળપણું જ હોય તે 'દ્રવ્ય મિથ્યાત્વ' કહેવાય છે. દષ્ટાંત—

જેમ રાજાના ઉપરોધથી ગૈરિક તાપસની ભક્તિ કરનાર કાર્તિક શેઠ, અથવા અઢાર દેશના અધિપતિ કુમારપાલ મહારાજાના આગ્રહથી પ્રભાસપાટણના સોમનાથ મહાદેવની યાત્રા કરનાર કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ.

[૨] શ્રી સર્વજ્ઞ વિભુના વચન પર જે અનાદર કરવો તે 'ભાવ મિથ્યાત્વ' કહેવાય છે. દ્રષ્ટાંત-મિથ્યાત્વી જીવો

વળી મિથ્યાત્વ વ્યવહાર અને નિશ્ચય એમ બે પ્રકારે પણ છે.

(૧) વ્યવહાર મિથ્યાત્વ (૨) નિશ્ચય મિથ્યાત્વ.

આ બન્ને મિથ્યાત્વની ઘટના દ્રવ્ય મિથ્યાત્વ અને ભાવ મિથ્યાત્વની જેમ સમજવી.

### [ ત્રણ પ્રકારે ]

મિથ્યાત્વ માનસિક, વાચિક અને કાયિક એમ ત્રણ પ્રકારે છે.

[૧] માનસિક મિથ્યાત્વ [૨] વાચિક મિથ્યાત્વ [૩] કાયિક મિથ્યાત્વ.

[૧] 'હું પોતે જ આ કામ કરું, અથવા અન્ય કોઈ પાસે કરાવું, અથવા અન્ય કોઈએ કરેલ હોય તે સારું કર્યું એમ અનુમોદના કરું' આ પ્રમાણે મિથ્યાત્વ માટે મનમાં જે ચિંતવે-વિચારે તે 'માનસિક મિથ્યાત્વ' કહેવાય છે.

[૨] 'હું પોતે જ આ કાર્ય કરું, અથવા અન્ય કોઈને કહું કે તું આ કાર્ય કર અથવા અન્ય કોઈએ કરેલ હોય તે સારું કર્યું એમ બોલી તેની અનુમોદના-પ્રશંસા કરે' એ પ્રમાણે મિથ્યાત્વ માટે જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વચનથી ઉચ્ચારે તે 'વાચિક મિથ્યાત્વ' કહેવાય છે.

[૩] 'પોતે કરે, અથવા હાથ વગેરેની સંજ્ઞા-વડે બીજા પાસે કરાવે, અથવા અન્ય કોઈએ કરેલ હોય તેને અનુમોદે.' એ પ્રમાણે મિથ્યાત્વ માટે જે કાયાથી પ્રવૃત્તિ કરે તે 'કાયિક મિથ્યાત્વ' કહેવાય છે.

[ ચાર પ્રકારે ]

મિથ્યાત્વ પ્રરૂપણા, પ્રવર્તન, પરિણામ અને પ્રદેશ એમ ચાર પ્રકારે છે.

(૧) પ્રરૂપણા મિથ્યાત્વ (૨) પ્રવર્તન મિથ્યાત્વ (૩) પરિણામ મિથ્યાત્વ (૪) પ્રદેશ મિથ્યાત્વ.

(૧) શ્રી જિનેશ્વરદેવે જણાવેલા-પ્રરૂપેલા માર્ગથી સ્વમતે વિપરીત પ્રરૂપણા જે કરવી તે 'પ્રરૂપણા મિથ્યાત્વ' કહેવાય છે.

(૨) મિથ્યાત્વ વધે એવું સ્વમતે વિપરીત-અવળું પ્રવર્તન જે કરવું તે, 'પ્રવર્તન મિથ્યાત્વ' કહેવાય છે.

(૩) શ્રી જિનેશ્વર વિભુએ જણાવેલ તત્ત્વના અર્થને યથાર્થ નહીં સદ્દહતાં તેનો મનઃકલ્પિત અર્થ કરી, તેમાં અસત્ય કદાગ્રહ જે પકડી રાખવો તે 'પરિણામ મિથ્યાત્વ' કહેવાય છે.

(૪) સત્તારૂપે આત્મામાં રહેલી અનંતાનુબંધી [ક્રોધ-માન-માયા-લોભરૂપ] કષાયની ચાર અને સમકિત-મિશ્ર-મિથ્યાત્વમોહનીયની ત્રણ, એ કુલ જે સાત પ્રકૃતિ તે 'પ્રદેશ મિથ્યાત્વં' કહેવાય છે.

[ પાંચ પ્રકારે ]

(૧) આભિગ્રહિક મિથ્યાત્વ (૨) અનભિગ્રહિક મિથ્યાત્વ (૩) આભિનિવેશિક મિથ્યાત્વ (૪) સાંશયિક મિથ્યાત્વ (૫) અનાભોગિક મિથ્યાત્વ. એમ પાંચ પ્રકારે છે.

[૧] અન્ય દર્શનીઓએ-મિથ્યાદર્શનીઓએ સ્વ-સ્વ શાસ્ત્રમાં કથન કરેલ કલ્પિત હકીકતને પરીક્ષા કર્યા વગર સત્ય માની લેવી, અને તેનો જે કદાગ્રહ કરવો તે 'આભિગ્રહિક મિથ્યાત્વ' કહેવાય છે.

અથવા પોતે સ્વીકારેલ કુધર્મને છોડે જ નહિં અર્થાત્ મિથ્યાદર્શનની માન્યતાને પ્રમાણરૂપ જ માને તે પણ 'આભિગ્રહિક મિથ્યાત્વ' કહેવાય છે.

[૨] સત્ય અસત્ય સકલદર્શનોને, તેમના અભિમત દેવ, ગુરુ અને શાસ્ત્રોને શંકા ને પરીક્ષા વિના જ સાચા માનવા અર્થાત્ સર્વધર્મને એકસરખા જે માનવા તે 'અનભિગ્રહિક મિથ્યાત્વ' કહેવાય છે.

[૩] યથાસ્થિતપણે વર્ણન કરાતા શ્રી અર્હત્ દર્શન પરના મત્સરભાવને લઈને, તેનું જાણીબૂઝીને જે ખંડન કરવું તે 'આભિનિવેશિક મિથ્યાત્વ' કહેવાય છે.

અથવા અજાણતાં ઉત્સૂત્રપ્રરૂપણા કર્યા બાદ, સાચું તત્ત્વ જાણ્યા છતાં પણ કદાગ્રહપૂર્વક સ્વમતને જ સ્થાપન કર્યા કરે તે પણ 'આભિનિવેશિક મિથ્યાત્વ' કહેવાય છે.

અથવા અજ્ઞાતભાવે સૂત્રના ભાવાર્થની ઉત્સૂત્ર-પ્રરૂપણા કરતા એવા તેને કોઈ સાચું સમજાવીને નિવારે, છતાં પણ પોતાના કદાગ્રહને છોડે જ નહિં તે પણ 'આભિનિવેશિક મિથ્યાત્વ' કહેવાય છે.

[૪] પોતાને ક્ષયોપશમની મંદતાને લઈને સૂત્રમાં, અર્થમાં કે સૂત્રાર્થમાં શંકા થતાં, તેનું સમાધાન કોઈ પણ જ્ઞાનીને પૂછે નહિં અને સંશયમાં જ જે રહે તે 'સાંશયિક મિથ્યાત્વ' કહેવાય છે.

અર્થાત્ શ્રીસર્વજ્ઞ વિભુએ પ્રરૂપેલા સિદ્ધાંતોમાં સંશય રાખવો તે સાંશયિક મિથ્યાત્વ કહેવાય છે.

જેમ શ્રી તીર્થંકર પરમાત્માએ નરક અને નિગોદ વગેરે જણાવેલ તે હશે કે કેમ? એવી જે શંકા કરવી તે.

[૫] તત્ત્વાતત્ત્વનો વિચાર કાંઈ પણ જેઓ જાણતા નથી તે 'અનાભોગિક મિથ્યાત્વ' કહેવાય છે.


અર્થાત્ સાચું કે ખોટું કંઈ પણ અજાણપણે જે સમજે નહિં તે અનાભોગિક મિથ્યાત્વ કહેવાય છે.

જેમ પૃથ્વીકાય વગેરે એકેન્દ્રિય જીવોને અજ્ઞાન-રૂપ આ મિથ્યાત્વ અનાદિકાળથી લાગેલું હોય છે તેમ.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વામન અને વિરાટ

મગનલાલ ડી. શાહ, બાજીપુરાવાળા

શરદ્ પૂર્ણિમાની રળિયાળી રાત હતી. ચંદ્રમાએ પોતાના રૂપેરી કાન્ત કિરણોથી વસુંધરાને મઢી દીધી હતી. સુધાંશુ અમૃતધારા વરસાવી રહ્યો હતો. ચંદન શી શીતળતા વ્યાપી હતી. મોટી થાળી જેવો રૂપના ઝળહળતા રાશિ સમો ચંદ્રમા ગગનપટમાં કયારેક વાદળમાં પોતાનું મોઢું છુપાવતો. જાણે કોઇ નવોઢા પત્ની ઘુંઘટમાં મુખડું છુપાવી દર્શન તરસ્યા પતિને વિહ્વળ બનાવતી હોય! પણ ઘુંઘટમાં છુપાયેલું સ્ત્રીનું રૂપ ઘુંઘટ દૂર થતાં જેમ અધિક રમણીય લાગતું તેમ વાદળમાં છુપાયેલો ચંદ્ર વાદળમાંથી બહાર નીકળતાં અધિક રમણીય લાગતો. અનેક પ્રણયમાં મસ્ત બનેલા યુગલોના સ્નેહસાગરમાં શરદ્ પૂર્ણિમાના પૂર્ણ ચંદ્રથી ભરતી આવતી.

નાનાં બાલુડાં પણ ગાતાં—

મા મને ચાંદલીયો વહાલો,
મા મને રમવાને આલો.

પરંતુ જેમ ચંદ્રને જોઈને પ્રણય મસ્તી અનુભવનારા સ્નેહીઓ હતા તેમ તેને જોઈને હૃદયમાં સંતાપ અનુભવનારા વિરહી જનો પણ હતા. કોઇક નવોઢા નારીનાં પરદેશ ગયેલા પિયુની વાટડી જોતાં તેનાં અધીરાં નયનનાં નીર પણ સુકાઇ ગયા હશે. કોઇક પત્નીઘેલો પુરુષ પણ એમ જ વિરહના તાપમાં બળી રહ્યો હશે.

એ જ પ્રમાણે ઇર્ષ્યાનો અગ્નિ જેને ભડક ભડક બાળી રહ્યો છે એવા આકાશ સાગરમાં તરતા તારલીયાઓને થયું. 'જગત આખું ચંદ્રને પૂજે છે. ચંદ્રની સૌમ્ય કાંતિ નિહાળવા ઝંખે છે; જ્યારે આપણી સામું તો કોઇ નજર સરખીયે નથી કરતું.'

પણ એ બિચારા તારલીયાઓને કયાં ખબર હતી કે ચંદ્ર તો પૂર્ણ હતો. એ તો નિઃસ્પૃહભાવે અકારણ લોકોને શીતળતા અને પ્રકાશ અર્પતો હતો.

તારલીયાઓ સહુ એકત્ર થયા અને ચંદ્રમા પાસે પહોંચ્યા; અને વિનંતિ કરી,—

"હે ચંદ્રમા! તમે અમને અન્યાય કરો છો. તમારા પ્રકાશ આગળ અમારો પ્રકાશ ઝાંખો પડે છે, એટલે અમારી ભૂતળમાં કાંઇ કિંમત નથી, માટે તમે થોડાક દિવસ પ્રકાશવાનું બંધ કરો."

ઋજુ સ્વભાવવાળા, ઉદાર અને વિશાળહૃદયી ચંદ્રમાએ એમની વિનંતિનો સ્વીકાર કર્યો.

પ્રતિપદાને દિવસે ચંદ્રમાએ પોતાનો પ્રકાશ સહેજ ઓછો કર્યો.

તારલીયાઓની અધિરાઇ વધવા લાગી. શું દાળમાં કાળું તો નહિ હોય ને?

બીજને દિવસે ચંદ્રમાએ સહેજ વધુ પ્રકાશ ઘટાડયો.

તો પણ અધીરાઇમાં ગળાડુબ અને ઇર્ષ્યામાં અંધ બનેલા તારલીયાને તો જરા પણ સંતોષ ન થયો. ધીમે ધીમે ક્રમાનુસાર દિનપ્રતિદિન ચંદ્રમાએ પોતાનું તેજ ઘટાડયું.

છેવટે અમાસની ઘનઘોર ગાઢ અંધારી રાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી. કાળો કામળો ઓઢીને રજની દેવી તે દિવસે ફરવા નીકળ્યા. તારલીયાઓ ખૂબ હરખાણા.

"હાશ! આજે આપણો પ્રકાશ ખૂબ આકર્ષક લાગશે. મૃત્યુલોકનાં માનવી હવે જરૂર આપણી તરફ ટગર ટગર જોશે." પરંતુ સારું સૌ કોઈને ગમે. નઠારું કોને ગમે? પૂર્ણિમાનો પ્રકાશ સૌને ગમે. અમાવાસ્યાનું અંધારું કોને ગમે? એટલે માનવીએ આકાશ તરફ મીટ સરખી યે માંડી નહીં, આથી તારલીયા ખૂબ મૂંઝાણા. અને ખીજાયા કે "મૃત્યુલોકના માનવી પણ કેવા વિચિત્ર છે? ચંદ્રમાની સામે ટગર ટગર જુએ છે અને એની પૂજા કરે છે. જ્યારે આપણી સામે કોઇ નજર સરખી પણ નથી કરતા!"

એમણે જઇને ચંદ્રમાને વિનંતિ કરી.

"હે ચંદ્રમા, પુનઃ પ્રકાશો. અમારો અભરખો પૂરો થયો. અમે માનતા હતા કે મૃત્યુલોકનાં માનવી અમારી કદર બૂઝશે, પણ એ તો બધા નગુણી છે."

"હે પ્યારા તારકગણ! એમ નથી. તમારી જ એમાં ભૂલ છે. તમે તમારી જાતનું મૂલ્યાંકન વધુ કર્યું છે. વામન વિરાટને માપવા નીકળે તેમ તમે મારી સરસાઈ કરવા નીકળ્યા છો. હું જો તમને તે દિવસે એમ કહેત કે આ બધું તમારા ગજા બહારનું છે, તો તમે ન માનત. તમે મને સ્વાર્થી ગણત. તે દિવસે તમે અભિમાનમાં છકી ગયા હતા. એટલે તે વખતે ઉપદેશ આપવાને યોગ્ય સમય નહોતો. એ તો ઊલટું પ્રકોપનું કારણ બનત.

મને પણ લોકો પૂજે છે. પણ હું નિઃસ્વાર્થભાવે નિરપેક્ષપણે અહંકાર રહિત એમને શીતળતા અને પ્રકાશ અર્પું છું. તેનો જ આ પ્રભાવ છે."

આપણે ઇચ્છીએ કે લોકો આપણું મૂલ્ય વધુ આંકે, આપણી પ્રશંસા અને પૂજા કરે, પરંતુ તેની હૃદય ઉપર અવળી અસર પડે છે.

જે માગે છે તેને નથી મળતું. જે નથી માગતો એને મળે છે. કીર્તિની પાછળ દોડવાની જરૂર નથી. કીર્તિ તો આપમેળે આવીને મળે છે. કીર્તિલોભ એ પણ દુર્ગુણ છે. સત્ત્વનો પૂજારી કદિ કીર્તિલોભી હોતો નથી, કારણ કે કોઇપણ પ્રકારનો લોભ સત્ત્વને હણે છે.

કીર્તિ પાછળની દોટ આપણને ઇર્ષ્યા અને અભિમાન કરવા પ્રેરે છે. પારકાનું તેજ આપણે સહન કરી શકતા નથી. તેજોદ્વેષના રોગથી આપણે પીડાઇએ છીએ.

જ્ઞાની ભાખ્યા બોલ છે કે,
અભિમાન ન કરીશ લગાર.
માન ગળે તો જ જ્ઞાન મળે.

માટે નિજનાં અહમને ઓગાળી જ્ઞાનીઓએ ચીંધેલા માર્ગે જવું એ જ સજ્જનોનું પરમ ભૂષણ છે.

શુકલપક્ષ આવ્યો.

શુકલપક્ષની બીજને દિવસે બીજનો ચંદ્ર જોવા લોકોનાં ટોળેટોળાં ઉમટ્યાં. શૃંગોન્નતિ જોઇને તેઓ મંદી વિષયક કલ્પના કરવા લાગ્યા.

આ જોઇ તારલીયાઓને દૃઢ પ્રતીતિ થઇ કે વામણો વિરાટને માપવા નીકળે એ ખરેખર મૂર્ખાઇની પરમ અવધિ છે.

× × ×

ભાદરવાના ભીંડાને પણ આવી જ અવળી મતિ સૂઝી.

ભાદરવાના ભીંડાભાઇ ખૂબ વિકાસ પામ્યા. એટલે એમને થયું હજુ વધુ વિકાસને અવકાશ છે. પરંતુ આ વડલાભાઇ આપણી આડે આવે છે.

"હે વૃક્ષરાજ! તમે મારી પ્રગતિમાં રૂકાવટ કરી મને હડહડતો અન્યાય કરી રહ્યા છો. તમારો વણછો જો ન પડે તો મારો ખૂબ વિકાસ થાય. હું લોકોને કેટલો બધો ઉપયોગી બનું! લોકો મને જોઈને રાજીના રેડ થઈ જાય."

વૃક્ષરાજ વડલો તો મોટા મનનો હતો. એ સમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જતો હતો કે એનું જીવન તો તાપથી તપેલાને, પરિશ્રમથી થાકેલાને વિશ્રાંતિ આપવા માટે છે. એની ઘનઘોર ઘટાદાર છાયામાં અનેક પથિકજન વિશ્રાંતિ પામતા.

પરંતુ **मूर्खाणां उपदेशो प्रकोपाय न तु शान्तये** । એ ન્યાયે વડલો શાંત રહ્યો.

સૌમ્યપણે એણે જણાવ્યું, "હે ભીંડાભાઇ, તારા વિકાસની આડે આવવાનું મને કાંઇ કારણ નથી. એથી મને કાંઇ લાભ નથી, પરંતુ બે ત્રણ મહિના જરા ધીરજ રાખ. પછી જરૂર મારાથી તને પડતી અગવડ હું દૂર કરીશ."

શરદ ઋતુ વ્યતીત થતાં સૂર્યનો પ્રકાશ વડલાનાં પાંદડાઓમાં થઈને ભીંડાભાઈ ઉપર પડવા લાગ્યો. આમ તો ભીંડાભાઇ હરામ હાડકાના માનવીની જેમ અક્કડપણે ખૂબ વધ્યા હતા એટલું જ એટલે સૂર્યનો તાપ એમનાથી સહન ન થયો. ભીંડાભાઈ સાવ સુકાઈ ગયા. એમણે વડલાને વિનંતિ કરી.

"હે વૃક્ષરાજ! જરા મારા તરફ દયા રાખી મારું રક્ષણ કરો."

"ભીંડાભાઈ! હવે હું લાચાર છું. તમારે વિકાસ સાધવો હતો. હું તમારા માર્ગમાં અવરોધરૂપ હતો. એ અવરોધ દૂર થતાં હવે તો તમારા આનંદની સીમા નહિ રહી હોય."

"હે વૃક્ષરાજ! દાઝ્યા ઉપર ડામ શા માટે ઘો છો? માફ કરો. મારી ભૂલ હવે મને સમજાઈ છે."

જે પોતાનું મૂલ્યાંકન વધુ આંકે છે એ પોતાની જાતને છેતરે છે. આત્માની છેતરપીંડી જેવી બીજી કઈ મૂર્ખાઇ હોઈ શકે?

પરંતુ ભીંડાભાઇને થયેલું જ્ઞાન સમયસરનું ન હતું. બહુ મોડું થયું હતું.

આખરે ભીંડાભાઈ સાવ સુકાઈ ગયા. એમનો ખખડધજ થયેલો દેહ ખડી ગયો.

+ + + +

અધૂરો ઘડો છલકાય છે. પૂર્ણ ઘડો કદિ છલકાતો નથી.

ઉપકારીઓનાં ઉપકારો ભૂલી જઇને એમનો તેજોદ્વેષ કરનારા—એમની પ્રગતિમાં આનંદ ન માણતાં એમની અસૂયા કરનારા એમની સરસાઇ કરવા મેદાને પડે છે. એવાઓનો વિનિપાત નિશ્ચિત છે.

આમ્રવૃક્ષ જેમ ફલવંતું બને તેમ નમ્ર અને વિનયી બને છે અર્થાત્ એની ડાળીઓ નીચે નમે છે.

માનવી પણ જેમ મહાન બને તેમ નમ્ર અને વિનયી બને છે.

જ્યારે માનવીના મસ્તકમાં અભિમાનનો કીડો સળવળે છે ત્યારે પતનની શરૂઆત થાય છે.

આત્માર્થી માનવી જો અધ્યાત્મ દશાને વરેલો હોય—વરવા ઇચ્છતો હોય તો કદિ અભિમાનથી અભડાય નહિ.

અભિમાન તો કાળમુખો છે. એ તો જ્ઞાની પણ ગર્વ કરે તો એને પણ ગળી જાય.

વિરાટને ગર્વની વર્ગણા હોય જ નહિ.

બાહુબળી જેવા ઉગ્ર તપસ્વીને પણ કેવળજ્ઞાન-પ્રાપ્તિમાં કોઈ અવરોધક તત્ત્વ હતું તો તે કેવળ અભિમાન જ.

રૂપના અભિમાનથી સનતકુમારની કેવી અવદશા થઇ? અને અભિમાનનો અંધકાર પટ દૂર થતાં શિવ-સુંદરીને વર્યાં.

અતિશય માનવીને હોય પણ ખરો. પૂર્વના પુણ્યબળે કોઇને રૂપાતિશય હોય, કોઇને ધન્નાશાલિ-ભદ્રના જેવી ઋદ્ધિ સિદ્ધિ પણ પ્રાપ્ત થાય.

પણ તેથી શું?

એ તો—

ચાર દિનકી ચાંદની ફીર અંધેરી રાત. મુમુક્ષુ તે જ છે કે જે મદથી પર હોય. મદોન્મત્ત બનેલો માનવી આત્મવિમુખ બને છે. મદજ્વરથી પીડાતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવી ભવરોગની વૃદ્ધિ કરે છે. સાતમી મહાવસ્થાએ પહોંચેલો ગજરાજ પોતાનો વિનાશ નોતરવા સાથે અનેકના વિનાશનું નિમિત્ત બને છે.

મદાંધ બનેલો માનવી પોતાનું અહિત કરવા સાથે અનેકના અહિતનું કારણુ બને છે.

ઈર્ષ્યા અને અભિમાન બંનેનો પરિત્યાગ એ જ કલ્યાણનો સાચો માર્ગ છે.

પ્રગતિનું એ જ પાદચિહ્ન (Footstep) છે.

અજ્ઞાની અજાણુપણે દોષમાં પડે, જ્યારે અભિમાની જાણી જોઇને હાથમાં દીવો લઇને કૂવામાં પડે છે.

જેમ ભેજ કપડાનો નાશ કરે છે તેમ ઇર્ષ્યા માણુસને ખાઇ જાય છે.

જેમ નાના કુતરાઓ અજાણ્યા માણુસો પ્રત્યે ભસે છે તેમ ઘણા લોકો પરમપુરુષનો અવર્ણવાદ બોલે છે.

અભિમાન એ નાશની નિશાની છે, ક્રોધ એ પડતીની નિશાની છે.

વિરાટની વિશાળતાને–ઉદારતાને વામણો પીછાણે તો વામણો જરૂર દ્વેષી મટીને અનુરાગી બને.

વિરાટ સાગર જેવો ગંભીર અને ઉદાર હોય છે, જ્યારે વામણો ખાબોચીયાં જેવો છીછરો અને મલિનવૃત્તિ ધરાવે છે.

વિરાટ સ્વશક્તિ ઉપર મુસ્તાક રહે છે, જ્યારે વામણો પોતાની શક્તિનું અધિક મૂલ્યાંકન કરી અભિમાનમાં રાચે છે. વિરાટ સત્ત્વગુણી હોય છે જ્યારે વામણો તમોગુણી હોય છે. ઇર્ષ્યા અને અભિમાનજન્ય ક્રોધ એને તમોગુણી બનાવે છે.

વિરાટ એટલે ગુણાનુરાગી અને વામણો એટલે ગુણદ્વેષી.

હંસની ચાલ ચાલનાર કાગડાભાઈ સેવાળમાં ફસાઈ પડ્યા તેમ વામણુ વિરાટની ચાલ ચાલવા જતાં ફસાઈ જાય છે.

આ છે વામન અને વિરાટનો ભેદ.

अशनं मे वसनं मे जाया मे बन्धुवर्गो मे।
इति मे मे कुर्वाणं कालवृको हन्ति पुरुषाजम् ॥

(રુચિરા છંદ)

મારું ભોજન, મારાં વસ્ત્રો, તન, ધન, જન આ મારા રે,
સગાં સહોદર સુત આ મારા, મારી છે આ દારા રે;
મેં મેં કરતાં માનવ મેંઢા, એમ જ વય વહી જાશે રે,
કાળ વરુ વિકરાળ આવીને ક્ષણુમાં ઝડપી ખાશે રે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મહત્ત્વાકાંક્ષા

અનુ૰ વિઠ્ઠલદાસ મૂ. શાહ
( અશાડના અંકથી સંપૂર્ણ )

જે લોકોની જગતમાં કશી ગણના નથી, જેઓ સુસ્ત અને મધ્યમ કોટિના છે એવા લોકો મહત્ત્વાકાંક્ષાના અભાવે નિષ્ફળતા પ્રાપ્ત કરે એમાં નવાઈ જેવું નથી. માણસ ગમે તેટલો નિર્ધન હોય તો પણ જો તેને જ્ઞાનામૃતનો આસ્વાદ લેવાની ઉત્કંઠા હોય છે, સુધારણાને માટે તીવ્ર ઇચ્છા હોય છે તો તે ગમે તે રીતે પોતાનો માર્ગ કરી શકે છે; પરંતુ જગતમાં આગળ વધવાને જેનામાં મહત્ત્વાકાંક્ષાનો અભાવ છે એવા લોકોને ઉત્તેજિત કરવાનો, સચેતન કરવાનો કોઇ પણ માર્ગ નથી. કંઇક ઉપયોગી કાર્ય કરવાને અને જગતમાં મહાન થવાની મહેચ્છા સેવનાર માણસને પાછો હઠાવવાનું કાર્ય સહેલું નથી. તે ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં મુકાયો હોય તો પણ તે ગમે તે રીતે માર્ગ કરશે જ. આવા લોકો પુસ્તકો ખરીદવાને અસમર્થ હોય તો તેઓ પુસ્તકો ઉછીના લઇને પણ કેળવણી મેળવવાના જ. જે યુવક કંઇક વિશેષ સારી વસ્તુને માટે ઇચ્છા રાખે છે તે ગમે તેટલો મૂર્ખ અથવા જડમતિ હોય તો પણ તેનાથી નિરાશ થવાની જરૂર નથી. તમે તમારા જીવનને તદ્દન સામાન્ય લેખતા હો, જગતમાં તમારી કંઇક ગણના થાય એવા પ્રસંગો થોડા હોય, પરંતુ જો તમને કંઇક વિશેષ સારું પ્રાપ્ત કરવાની ઇચ્છા હશે, કંઇક ઉચ્ચતર પદ પ્રાપ્ત કરવાની મહત્ત્વાકાંક્ષા હશે અને મુશ્કેલીમાંથી પસાર થઇ ગમે તે ભોગે આગળ વધવા ખુશી હશો તો તમે ફતેહમંદ નીવડશો એ નિઃસંદેહ છે. તમારી સ્થિતિ અથવા કાર્ય ગમે તેટલા નિકૃષ્ટ હોય તેની દરકાર નથી. જેવી રીતે આગ્રહપૂર્વક મંડયા રહેવાથી અંકુર જમીનમાંથી સપાટી પર આવે છે તેવી જ રીતે સામાન્ય સ્થિતિમાંથી તમે ઉચ્ચ સ્થિતિમાં આવશો એ ચોક્કસ છે.

કોઈ પણ માણસ હમણાં જે કાર્ય કરતો હોય તેનાથી તેને માટે અભિપ્રાય બાંધવામાં આપણે ભૂલ કરીએ છીએ; કેમકે તેનું તે કાર્ય ઉચ્ચતર પદ પ્રાપ્ત કરવાના પગથિયારૂપ હોય. તેણે જે કાર્ય કરવાનો નિશ્ચય કર્યો છે તે જાણીને અને તેની મહત્ત્વાકાંક્ષા જાણીને અભિપ્રાય બાંધો. પોતાના લક્ષ્યસ્થાને પહોંચવાના પગથિયા તરીકે કર્તવ્યનિષ્ઠ માણસ કોઇ પણ શિષ્ટ કાર્ય કરવા તત્પર થશે. દરેક માણસના વાતાવરણમાં એવું કંઇક છે કે જેનાથી તેનું ભવિષ્ય કહી શકાય છે; કારણ કે તેની કાર્ય કરવાની રીતથી અને તેનાં કાર્યમાં જેટલા પ્રમાણમાં તે ઉત્સાહી રહે છે તેનાથી તેનું ભાવિ જીવન કેવું નીવડશે તે કહી શકાય છે.

ઉચ્ચતર પદ પ્રાપ્ત કરવાની આકાંક્ષા અને પોતાનાં લક્ષ્યસ્થાને પહોંચવાના બળ વિના પોતે જે કરે છે તેનાથી કોઈ માણસ અસંતુષ્ટ હોય; પરંતુ પોતાની સ્થિતિથી અસંતોષ હોવો તે તેનામાં મહત્ત્વાકાંક્ષા છે એમ સૂચવતું નથી. તે આળસુ અને પ્રમાદી છે તેમ સૂચવે છે; પરંતુ જ્યારે આપણે કોઇ માણસને અમુક સ્થિતિમાં મુકાયેલો, તે સ્થિતિમાં પૂર્ણતાએ પહોંચવાને પ્રયાસ કરતો, તે સ્થિતિમાં આનંદ માનતો અને છતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધારે ઉચ્ચ અને વધારે સારી સ્થિતિ પ્રાપ્ત કરવાની મહેચ્છા સેવતો જોઈએ છીએ ત્યારે આપણે ખાતરીથી માનીએ છીએ કે તે ફક્ત સ્થિતિએ પહોંચશે જ. જ્યાં સુધી આપણે કોઇ માણસની મહત્ત્વકાંક્ષાથી અજાણ્યુ હોઇએ ત્યાં સુધી તેના વિષે કંઇ પણ અભિપ્રાય આપી શકીએ નહિ. જ્યારે યુવાન ફ્રેંકલીન ફીલાડેલ્ફીયામાં પગપેસારો કરવાનો યત્ન કરતો હતો ત્યારે એની ખાનપાનની રીત ઉપરથી વ્યવહારકુશળ માણસોએ ભવિષ્ય ભાખ્યું હતું કે તે ભવિષ્યમાં કોઇ મહાન વ્યકિત તરીકે પ્રસિદ્ધિમાં આવશે, કેમકે તે ઊંચે ચડવાને પોતાના સર્વ બળથી કામ કરતો હતો અને શ્રદ્ધા બેસાડે એવી રીતે તે પોતાની જાતને લક્ષ્યબિંદુએ લઇ ગયો. જે કંઇ કાર્ય તે કરતો તેમાં તે પોતાની શકિત એટલી બધી વાપરતો કે લોકોનું ભવિષ્ય કથન સત્ય નીવડયું. જ્યારે તે માત્ર મુદ્રણકળાનું કાર્ય કરતો ત્યારે તેણે બીજા માણસો કરતાં એટલું બધું સારી રીતે કર્યું અને તેની કાર્યપદ્ધતિ એટલી બધી ઉત્તમ અને સ્તુત્ય હતી કે લોકોએ એવું ભવિષ્યકથન કર્યું કે સર્વ કામ તેણે જ કરવું.

દૂર દેશમાં વસનારા ઘણા લોકો જે ધોરણે પોતાની શકિતનું માપ કરી શકે એવા ધોરણોના પરિચયમાં આવતા નથી. તેઓ શાંતિભર્યું જીવન વહન કરે છે અને તેઓની આસપાસ એવું કંઈ હોતું નથી કે જેનાથી તેઓની ગુપ્ત શકિતઓ સચેતન અને જાગ્રત થાય. ઉત્ક્રાન્તિક્રમમાં પશ્ચાત રહેલા દેશમાં વસનાર બાળકની મહત્ત્વાકાંક્ષાઓ માત્ર એકાદ વખત શહેરમાં જવાથી જાગ્રત થાય છે. તેને શહેર જગતના મહાન મેળા અથવા સંગ્રહસ્થાન જેવું લાગે છે. શહેરમાં જે પ્રગતિસૂચક જીવન તેની દૃષ્ટિએ પડે છે તેનાથી તેની ઉપર વિજળીક અસર થાય છે, અને તેની આંતરિક ગુપ્ત શકિતઓ સચેતન થાય છે. તેને દૃષ્ટિગોચર થતી સર્વ વસ્તુઓ તેને આગળ વધવાનું આહ્‌વાન કરતી હોય એમ લાગે છે. શહેરી જીવન અને દેશાટનથી એક મહાન લાભ એ થાય છે કે બીજાની સાથે વારંવાર પરિચયમાં આવવાથી બીજા લોકો સાથે આપણી તુલના કરવાની અને તેઓની શકિતઓ સાથે આપણી શકિતઓનું માપ કરવાની તક મળે છે. બીજા લોકોના પરિચયથી વિજય પ્રાપ્ત કરવાના પ્રેમને અને તેઓની સાથે આપણી શકિતની અજમાયશ કરવાની વૃત્તિને જાગ્રત થવામાં સહાય મળે છે. અન્યત્ર લોકો શું કહે છે તેનું નિરંતર સ્મરણ રહે છે. દેશાટનમાં આપણે મહાન પરાક્રમો, મોટાં મોટાં કારખાનાંઓ અને ઓફિસો, વિશાળ ધંધાઓ સર્વત્ર જોઇએ છીએ. આ સર્વ બાબતોથી મહત્ત્વાકાંક્ષા ધરાવનાર યુવકના મનમાં અનેક પ્રશ્નો ઊભા થાય છે. પોતે કાંઇ કરી શકતો નથી તે જોઇને તેને સાશ્ચર્ય ખેદ થાય છે; અને જ્યારે તે અમુક કાર્ય કરવાની ઇચ્છા રાખે છે અને પોતે તે કરી શકશે એમ માને છે ત્યારે તેની શકિતમાં અપૂર્વ વૃદ્ધિ થાય છે. અધીરાઇભરેલી મહત્ત્વાકાંક્ષાઓ ધારણ કરવાથી ઘણી વખત મનુષ્યો પોતાના કાર્યમાં નિષ્ફળતા મેળવે છે. તેઓ પોતાનાં જીવનકાર્ય માટે રાહ જોઇ શકતા નથી; પરંતુ જે સ્થિતિએ પહોંચવાને અન્ય લોકોએ વર્ષો પર્યંત પ્રયત્નો કર્યા હોય છે તે સ્થિતિએ કૂદીને પહોંચવાનું ધારતા હોય છે. તેઓ પરિણામ માટે અધીરા બને છે અને કોઇપણ કાર્ય યોગ્ય રીતે કરવાનો તેઓને પૂરતો સમય હોતો નથી. દરેક કાર્ય ઉતાવળીયા થઇને કરે છે. આવા લોકો પ્રમાણસર વિકાસ પામતા નથી, પરંતુ તેઓમાં વિવેકબુદ્ધિની ખામી હોય છે. એક સુપ્રસિદ્ધ આંગ્લ કવિની નીચેની પંકિતઓ ખાસ મનન કરવા લાયક છે:—

The heights by great men
reached and kept,
Were not attained by sudden flight;
But they, while their companions slept,
Were toiling upward in the night.

મહાન પુરુષોએ જે ઉચ્ચપદ પ્રાપ્ત કર્યું હોય છે તે તેઓએ એક ફૂદકે પ્રાપ્ત કર્યું હોતું નથી, પરંતુ જ્યારે તેઓના સહચારીએ નિદ્રાધીન પડ્યા હોય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે તેઓએ ઉચ્ચપદ મેળવવાને રાત્રિ દરમ્યાન તનતોડ મહેનત કરી હોય છે.

ઘણેભાગે આપણે નિરંકુશ મહત્ત્વાકાંક્ષાના શોકજનક દૃષ્ટાંતો જોઈએ છીએ. જે માણસો અમર્યાદ મહત્ત્વાકાંક્ષાથી ઉત્તેજિત થયા હોય છે, જેઓની આત્મ શકિતઓ સંપત્તિ અથવા સત્તાથી યુક્ત થવાની મહેચ્છાથી એટલી બધી કુંઠિત થયેલી હોય છે કે તેઓ સંશયયુક્ત કાર્યો કરવાને લલચાયા હોય છે. કેટલીક વખત આવા પ્રકારની મહત્ત્વાકાંક્ષા માણસને ન્યાયબુદ્ધિ વગરના કરી મૂકે છે. ગમે તે ભોગે પોતાની જાતને આગળ વધારવાના અને કીર્તિ મેળવવાના સ્વાર્થપરાયણ ઉચ્ચાભિલાષને ભોગ થઇ પડેલા મનુષ્યને જોઇને આપણને અત્યંત દયા ઊપજે છે. આવા ઉચ્ચાભિલાષને ભોગ થઇ પડીયે છીએ ત્યારે ન્યાયનું સત્ય સ્વરૂપ પારખવાનું કામ અત્યંત મુશ્કેલ થઇ પડે છે. આવા પ્રકારના ઉચ્ચાભિલાષથી મત્ત બનેલા માણસો કોઈ પાપાત્મક કાર્ય કરતાં અચકાતા નથી. નિરંકુશ અને અમર્યાદ ઉચ્ચાભિલાષથી કેવા અનર્થો નીપજે છે તેના નેપોલીયન અને સીકંદર જ્વલંત દૃષ્ટાંતો છે. બીજાથી ચઢિયાતા થવાનો લોભ કદાચ ભયંકર નીવડે અને ચારિત્ર્યની સર્વ પ્રકારની આહુતિઓ આપવાને પણ માણસને પ્રેરે. કંઈક વિશેષ કરવાનો, સામાન્યતામાંથી બહાર લાવે એવું કંઇક કરવાનો, મહત્ત્વાકાંક્ષા અને ઉત્સાહ વગરના મનુષ્યો કરતાં પોતાને ઊંચે લાવે એવું કંઇક કરવાનો પ્રત્યેક માણસને અભિલાષ હોવો જોઇએ. જગતમાં જેટલું ઊંચું ચડાય તેટલું ચડવાનો અભિલાષ રાખવો એ સંપૂર્ણતઃ સ્થાને છે, અને આપણા સહચારીઓ પ્રત્યે સંપૂર્ણ સદ્‌ભાવ અને માયાળુપણાથી આપણે તે કહી શકીએ એમ છીએ. તમારી પોતાની જાતને જાગ્રત કરવાની અગત્ય છે અને ગમે તે માર્ગે પ્રેરણા મેળવવાનો સૌ કોઇને અધિકાર છે.

કેટલીક વખત આપણને જે પુરુષ અથવા સ્ત્રીમાં શ્રદ્ધા હોય તેની સાથે વાતચીતથી જેઓ આપણું કહેવું સ્વીકારે છે અને બીજાઓને દૃષ્ટિએ નહિ પડતું એવું કંઇક આપણામાં જુએ છે એવા લોકોની શ્રદ્ધાથી મહાત્ત્વાકાંક્ષા સચેતન થાય છે અને આપણામાં રહેલી શકિતઓનું આપણને ભાન થાય છે. તે સમયે આપણે આનો વિચાર ન કરીએ તો પણ કદાચ તે આપણા જીવનની દિશાને બદલી નાખનાર બિંદુરૂપ થઇ પડે. કોઇ પ્રેરણા કરનાર અથવા પ્રોત્સાહક પુસ્તક કે લેખન! વાંચનથી અસંખ્ય સ્ત્રી પુરુષોને પહેલી વાર આત્મભાન થાય છે. જે વસ્તુથી આપણને આત્મભાન થાય છે, જે વસ્તુથી આપણી શકિતનું સત્ય સ્વરૂપ ઓળખાય છે તે અમૂલ્ય ગણાય છે.

જે લોકો તમને ઉત્તેજિત કરે, જેઓ તમારી મહેચ્છાઓ જાગ્રત કરે, જેઓ જગતમાં કોઈ મહાન કાર્ય કરવાને અથવા મહાપુરુષ થવાને તમને પ્રોત્સાહન આપે એવા લોકોને જ તમારા મિત્રો તરીકે પસંદ કરો. આવો એક જ મિત્ર બાર નિષ્ક્રિય અને સુસ્ત મિત્રો કરતાં હજારગણો કિંમતી છે. જેઓ તમારી મહત્ત્વાકાંક્ષાને દાબી ન દે, જેઓ તમને વિચાર કરતાં શીખવે, જેઓ તમારામાં પ્રેરણા સિંચે એવા લોકોની સાથે જ ગાઢ પરિચય રાખો. ઘણા લોકોની બાબતમાં એક મહાન મુશ્કેલી એ હોય છે કે તેઓ કદિ સચેતન થતા નથી અને જિંદગી પર્યંત આત્મનિરૂપણ કરતા નથી. યુવાવસ્થામાં જ આત્મશકિતનું ભાન થવું અતિ આવશ્યક છે, જેથી કરીને આપણા જીવનમાંથી મહાન કાર્યસાધકતાનું દોહન કરી શકીએ. ઘણાખરા લોકો તો પોતાની શકિતઓનો મોટો ભાગ વિકાસ પામતા નથી તે પહેલાં મૃત્યુવશ થાય છે. તેઓએ અહિંતહિં તેઓની શક્તિઓને સુધારી હોય છે, પરંતુ આંતરિક શકિતઓનો મોટો ભાગ તો અસ્પૃષ્ટ જ રહ્યો હોય છે.

આ દેશમાં હજારો, બલકે લાખો મજુરો છે જેઓ કંટાળાભરેલી જિંદગી ગુજારે છે. પરંતુ જો તેઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું હોય તો તેઓ પોતે સેવ્ય બનવાને લાયક થાય અને તેઓના સમૂહમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ તેજસ્વી પુરુષો તરીકે ચળકી ઊઠે. પરંતુ તેઓની પોતાની શકિતના અજ્ઞાનને કારણે તેઓ નીચે જ પડ્યા રહે છે. તેઓએ કદિપણુ આત્મશોધન કર્યું નથી જેને પરિણામે તેઓ લાકડાં કાપનાર અને પાણી ખેંચનારની સ્થિતિમાં રહેવા જોઇએ. આવી કોટિના માણસો સર્વત્ર નજરે પડે છે. હજારો સ્ત્રી પુરુષો માત્ર સામાન્ય સ્થિતિમાં જીવન ગાળે છે. આવા સ્ત્રી પુરુષો માત્ર એક જ વખત આત્મશોધન કરે તો પોતાની સ્થિતિમાં અપરિમિત સુધારો કરી શકે અને જગતમાં મહાન નેતાઓ તરીકે ખ્યાતિ મેળવી શકે.

સ્વસ્થ ચિત્તે એકાંતમાં બેસી આત્મશોધન કરો. તમે જે કાંઇ કરો છો તેનાથી તમને અતૃપ્તિ હોય અને વધારે સારું કરવા ધારતા હો તો તમારી મુશ્કેલી ક્યાં રહેલી છે તેનું અન્વેષણ કરો. તમને જે વસ્તુઓ પછાત રાખે છે તે શોધી કાઢો. આ આત્માન્વેષણ ક્રિયા લાંબા સમય સુધી ચાલુ રાખો. વારંવાર તમારી જાતને કહો, "શું કારણથી બીજા માણસો આવા અપૂર્વ અને અદ્દ્ભુત કાર્યો કરે છે અને હું આવા સામાન્ય કાર્યો કરું છું?" અને હંમેશા એક જ પ્રશ્ન કરો કે "જો અન્ય માણસો તે કરી શકે છે તો હું પણ કેમ ન કરી શકું?" આ આત્મનિરૂપણથી સ્વપ્નમાં પણ કદિ ન અનુભવેલ વસ્તુઓ તમે અનુભવશો. અને હજુ સુધી અપ્રકટ રહેલી શક્તિઓથી સમન્વિત થયેલી તમારી જાતને જોશો; અને આ શક્તિઓને જો યોગ્ય રીતે કેળવવામાં આવે તો તે તમારા આખા જીવનમાં અદ્દ્ભુત પરિવર્તન કરી નાખશે.


एते सत्पुरुषाः परार्थघटकाः स्वार्थान् परित्यज्य ये,
सामान्यास्तु परार्थमुद्यमभृतः स्वार्थाविरोधेन ये ।
तेऽमी मानवराक्षसाः परहितं स्वार्थाय निघ्नन्ति ये,
ये तु घ्नन्ति निरर्थकं परहितं ते के न जानीमहे ? ॥

(ઝુલણા છંદ)

સ્વાર્થ પોતાતણો ત્યાગી તત્પર રહે પરહિતે જે સદા સજ્જનો તે,
સ્વાર્થ જે જાળવી પરહિતે ઉદ્યમી માન સામાન્ય પુરુષો ખરે તે;
સ્વાર્થને કાજ પરહિત હણે જે નરો માનવો નહિ તે દાનવો છે,
પણ વૃથા જે કરે ભૂંડું પરનું કહો નામ તે નીચને કયું ઘટે છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# એ રમણી-રત્નોના ચરણમાં

મોહનલાલ દી. ચોકસી

**અ**ગાઉ સતીઓ સંબંધીના લેખમાં જે કેટલીક ભિન્નતા જોવામાં આવી, એ ઉપરથી એમ સમજવાનું નથી કે **સતીત્વની** કોઈ એકધારી વ્યાખ્યા નથી, અથવા તો જે નામો આલેખ્યા એટલી જ સતીઓ છે. શિયળનું પાલન જરૂર અગ્રપદે છે અને એના રક્ષણ-ટાણે જરૂર પડયે જીવનની આહૂતિ આપવાની તૈયારી દાખવવી પડે છે, એ સત્વ અને અટલ શ્રદ્ધા વિના શક્ય નથી જ. એ સર્વના મૂળમાં **બ્રહ્મચર્ય** વ્રતના નિતરાં દર્શન થાય છે. પાંચ મહાવ્રતોમાં આ ચોથા વ્રતની ગણના શ્રેષ્ઠપદે છે. આઠ કર્મોમાં મોહનીય કર્મને રાજા સમાન લેખી એનો જય કરવામાં પારાવાર મુશ્કેલીઓ દર્શાવી છે તે ઉપરથી સહજ તારવી શકાય કે અખંડપણે આ વ્રતનું મન વચન કાયાથી પાલન એ બચ્ચાંની રમત નથી, પણ સર્પ રમાડવા જેવું કપરું કાર્ય છે અને જેના વંશવારસો કે અન્ય સંબંધોના કોઈ નામનિશાન નથી જણાતા, છતાં જેમણે ઉપર વર્ણવેલ સર્વશ્રેષ્ઠ ગુણો ધારણ કરી, જે સ્મૃતિ પોતાની પાછળ રાખી છે તેથી જ આજે પ્રાતઃકાળના માંગલિક સમયે સૌપ્રથમ એ પવિત્ર નામોને યાદ કરવામાં આવે છે.

શ્રી રામના માતુશ્રી **કૌશલ્યાના** જીવનમાં ઊડીને આંખે વળગે તેવું કાર્ય એક જ જણાશે કે, વહાલસોયા પુત્રનો વિરહ સહીને પણ પતિસેવા-રાજવી દશરથનો સાથ ન છોડ્યો પતિની આજ્ઞામાં સાથ પુરાવ્યો.

**મૃગાવતીના** પરાક્રમની વાત જ નિરાળી છે. એક તરફ પાટનગર કૌશાંબી ઉપર ચંડપ્રદ્યોતનો હુમલો, પ્રાણવલ્લભ શતાનીકનું બીજી બાજુ મૃત્યુ અને એવા વિષમ સંયોગોમાં બાળપુત્ર ઉદાયનનું, એના રાજ્યનું તેમજ પોતાના શિયળનું રક્ષણ કરવું. એ વેળા તેણે દીર્ઘદર્શિતા અને દૃઢ મનોબળ ન દાખવ્યું હોત તો ? હીંમત હારી ગઈ હોત તો ? સામે જ સર્વનાશ ડોકિયા કરી રહ્યો હતો. મન મજબૂત કર્યું અને દુશ્મનને યુક્તિથી થાપ આપી તાત્કાલિક ભયને આઘો ઠેલ્યો. લોક શું કહેશે ? એની પરવા રાખ્યા વિના 'અણીચૂક્યો સો વર્ષ જીવે' એ કહેવત મુજબ પુત્રની સ્થિતિ સંગીન બનાવી અને ભગવંત મહાવીરદેવની સાંનિધ્યમાં, ચંડપ્રદ્યોતને હા ભણાવી પ્રવ્રજ્યા અંગીકાર કરી. આવડતના બળે જરા પણ કટુતા પેદા કર્યા વગર ત્રણ કાર્ય સાધ્યા.

**કૌશલ્યાએ** તો પ્યારા પુત્રનો વનવાસ જ જોયો જ્યારે **સુલસાએ** તો એકસામટા બત્રીસ નવલોહીઆ સંતાનોનો કાયમને માટે છેડો છોડયો. જેમનું પુનઃ મુખ જોવાનું મળનાર નથી એવા દીકરાઓનું એકી સમયે મરણ સાંભળવું, એ ઘા જેવો તેવો ન ગણાય. અર્હતના ધર્મને અંતરના ઊંડાણથી ઓળખનાર જ એ જીરવી શકે.

**સીતાની**, રાવણની લંકામાં જે દશા થઇ હતી અને **સુભદ્રાને** માથે જે કલંક ચોંટયું હતું એ સંબંધી લંબાણ કર્યા વગર કહી શકાય કે એ વેળા ધીરજ રાખી, ઉભય રમણીઓ પોતાના સત્ત્વ ઉપર મુસ્તાક રહી તો આખરે સત્યના દર્શન જનતાને થયા. સંકટ સહ્યા વિના, સુવર્ણની જેમ અગ્નિ પરીક્ષામાં પસાર થયા વિના, જય જયકાર નથી બોલાતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામી અને ઉગ્રસ્વભાવી પતિ ચંડપ્રદ્યોતની સહધર્મિણી શિવા અને પાંડુરાજવીની ભાર્યા કુન્તા-ઉભયના જીવનમાં નજર ફેરવતાં કોઈ ભારે સંકટમાંથી તેમને પસાર થવું પડયું હોય તેમ નહીં જણાય. ઘડીભર જણાશે કે સતીઓની નોંધમાં તેઓને મૂકવામાં ઉતાવળ થઈ છે, પણ જરા બારીકાઈથી એ ઉભયના પતિઓની જીવનલીલાનો વિચાર કરવામાં આવશે તો સહજ જણાશે કે જે માનસિક વ્યથામાંથી તેમને પસાર થવું પડયું છે એનો તાગ જ્ઞાની સિવાય કોઈને ન જડે. એ કારણે શરૂમાં જ કહી દીધું છે કે મનસા વાચા, કર્મણારૂપ અખંડ બ્રહ્મચર્યના દર્શન તો માત્ર ગણત્રીની સંખ્યામાં છે. બાકી ત્રણ પ્રકારે શુદ્ધ પતિવ્રતાપણું તો ડગલે ને પગલે જણાય તેમ છે અને એમાં પણ અડગ શ્રદ્ધા અને સત્ત્વરૂપ જોડલી તો રૂમઝુમ કરતી દેખાય છે.

જેમ સ્થૂળભદ્રની બ્હેનો બાળબ્રહ્મચારિણી ને વિદુષી હોઈ 'ભરહેસર'ની સજ્ઝાયમાં સ્થાન પામી છે તેમ કૃષ્ણ વાસુદેવની આઠ પટરાણીઓ સ્વામી પ્રત્યેની અનન્ય ભક્તિથી યાદ કરાઈ છે. અલબત્ત વરરુચીવાળા પ્રસંગે શકડાલ–મંત્રીની એ સાતે દીકરીઓએ પોતામાં રહેલ સ્મરણશક્તિના નિતરાં દર્શન કરાવ્યા અને એ જ પ્રમાણે ભ૦ નેમીશ્વરને વિવાહ મનાવવાના કાર્યમાં એ આઠે અગ્રમહિષીઓએ જળક્રીડા ટાણે ઠીક ઠીક ઉદાહરણ આપી, ગંભીર એવા નેમીકુંવરને હસાવી દીધા અને લગ્ન ઠોકી બેસાડયા.

પુષ્પચૂલા ને પ્રભાવતીના પ્રસંગો તો સાવ સાદા જણાશે. પતિ પ્રત્યેની વફાદારીમાં એ ઉભય રક્ત જણાશે. એમાં એકાદો અકસ્માત પ્રગટતાં જ ઉભયની નજર આત્મશ્રેય તરફ વળે છે છતાં એ માર્ગે વળવામાં પણ પતિદેવની આજ્ઞા તો ખરી જ. તેમના પ્રત્યેની સ્નેહશૃંખલા હતી સુખો વેળા પણ ભૂલાતી નથી. એનું નામ જ હાર્દિક પ્રેમ.

મનોરમાના શિરે એવું સીધું સંકટ નહોતું આવ્યું પણ પતિ એવા સુદર્શનના શિરે કલંક ચોંટે એ કેમ સહ્યું જાય? પોતાના સ્વામી નિર્દોષ છે એવી પ્રતીતિવાળી એ લલનાએ શાસનદેવીને ડોલાવ્યા. શૂળીનું સિંહાસન ત્યારે જ થયું. મદનરેખાના માથે સંકટોની પરંપરા હારબંધ ઉભરાણી. જેઠના હાથે જ વહાલા પતિનું મૃત્યુ! ગર્ભિણી અવસ્થા છતાં જેઠની લોલુપતામાંથી જાતને બચાવવા ભાગી છૂટવાપણું! પ્રસવકાળનું કષ્ટ, એમાં કામી દેવના હાથમાં ફસાવું. પણ અટલ શ્રદ્ધા અને જરૂર પડયે મરણને ભેટવાની તૈયારીવાળી એ સતીના જીવનમાં એકાએક શાંતિનો વાયરો વાયો. કષ્ટના વાદળ વિખરાયા અને આત્મશ્રેયના પંથે એ પળી.

દમયંતીની વાત તો આબાળવૃદ્ધ પ્રસિદ્ધ છે. પતિના હાથે જ રઝળતી બનવા છતાં પ્રીતિમાં જરા પણ ઝોક આવવા દેતી નથી. છુપાતાફરતા સ્વામીને પુનઃ સ્વયંવર કરવાના મિષે એ શોધી કાઢે છે. એવી જ રીતે કળાવતી પોતાના સ્વામી શંખરાજાના હુકમે કાંડા કપાયા છતાં, ગર્ભિણી અવસ્થામાં અરણ્યમાં ધકેલાયા છતાં, મનમાં જરા પણ અવગુણ ધરતી નથી.

બાર વર્ષ સુધી નજર સામે ધણી હોવા છતાં, વિરહ ને વહેમનું દુઃખ વેઠી જેના ગાત્ર ઢીલા થઈ ગયા છે એવી એ સતી અંજના સામે ઊભેલ પતિને જોઈ પેલું સર્વ દુઃખ ભૂલી જાય છે અને ભાવિમાં આવનાર મહાન સંકટનો વિચાર સરખો પણ મનમાં આણ્યા વિના તેમના શબ્દમાં અંજાઈ જાય છે. જો કે એ દિનથી પતિનો પ્રેમ મેળવે છે પણ પતિ તો યુદ્ધ માટે વિદાય થાય છે. પોતાને એ મેળાપથી ગર્ભ રહે છે. એથી જે નામોશી અને હૈયાલપટી સાસરા–પિયરમાંથી આરંભાય છે એ જ્યારે વાંચવામાં આવે છે ત્યારે રૂંવાડા ખડા થાય છે. આવા સંકટને હિંમતથી તરી જનારની કૂખે હનુમાન જેવો લાડકવાયો ઉદ્ભવે એમાં શું આશ્ચર્ય. આ અને આવા સંખ્યાબંધ ઉદાહરણો નારીજીવનમાં નોંધાયેલા સાહિત્યના પાને મોજુદ છે. એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સિદ્ધચક્રજીની આરાધના

મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી

આત્મશુદ્ધિ જરૂરી છે. અનેક જ્ઞાની મહાપુરુષોએ તેની શુદ્ધિ કરવા અનેકવિધ સાધનો દર્શાવ્યાં છે તેમાં સબલ સાધન તરીકે નવપદને સર્વશ્રેષ્ઠ સ્થાન આપ્યું છે.

"યોગ અસંખ્ય છે જિનકહ્યા, નવપદ તે મુખ્ય જાણો રે" એના પવિત્ર આલંબનવડે ધ્યાનની સિદ્ધિ થાય છે. શુભ અને શુદ્ધ ધ્યાન આત્માને શુદ્ધતમ બનાવે છે. નવપદમાં **અરિહંત, સિદ્ધ ભગવંત, આચાર્ય,** ઉપાધ્યાય, **મુનિભગવંતો, દર્શન, જ્ઞાન, ચારિત્ર** અને તપ શાસ્ત્રકારોએ ફરમાવ્યાં છે.

"अरिहं सिद्धायरिया उवज्झाया साहुणोअ सम्मतं ।
नाणं चरणं च तवो, इयपयनवगं मुणेयव्वं ॥१॥
अरिहाइ नवपयाई झाईत्ता हिययकमलमज्झम्मि ॥

એ નવપદાત્મક **સિદ્ધચક્રની આરાધના** મયણાસુંદરી અને શ્રીપાલે ભાવપૂર્વક કરી હતી. શ્રીપાલનું શરીર નયનાભિરામ, દિવ્યપ્રકાશી ઊઠયું હતું અને અપાર સુખસંપત્તિને પામ્યા હતા. જ્યાં મહાઆપત્તિઓ મળવાની હોય ત્યાં સહજ સંપત્તિની પ્રાપ્તિ થતી. યશ, કીર્તિ સર્વત્ર વિસ્તરી હતી. મનવાંછિત કાર્યોને દેવો સફલ બનાવવા મદદરૂપ બનતા. એ આરાધનાની આશ્વિન અને ચૈત્ર શુદી ૭ થી શરૂઆત અને પૂર્ણિમાએ પૂર્ણાહુતિ થાય છે. એ આરાધના આચામ્લતપથી કરવામાં આવે છે. એ તપમાં ૮૧ આયંબિલ કરવામાં આવે છે. સાડાચાર વર્ષે એ તપની પૂર્ણાહુતિ થાય છે. આરાધના કરનાર બે ટંકનું પ્રતિક્રમણ, ત્રિકાલ દેવવંદન, બે વાર પડિલેહણ ને બે હજાર જાપ કરે છે. આરાધક ક્ષમાવંત, જિતેન્દ્રિય, સ્થિરચિત્તવાળો હોવો જોઇએ, તેને જ આ આરાધના ફળીભૂત થાય છે. એથી વિપરીત ભાવનાવાળાને વિરાધના બને છે. ઇષ્ટ પ્રાપ્તિને બદલે અનિષ્ટની પ્રાપ્તિ થાય છે.

"खंतो दंतो संतो एयस्साराहगो नरो होइ ।
जो पुण विवरीयगुणो, एयस्स विराहगो सोउ ।२१२।

નવપદનો પાંચ પદમાં પણ સમાવેશ કરવામાં આવે છે. ચાર ગુણો ગુણીમાં પ્રતિષ્ઠિત થાય છે. ગુણ ગુણીમાં શોભે છે. નવકાર મંત્રના જાપથી અનેક ભવિ આત્માઓ તર્યા છે. દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વમાં પણ નવપદ સમાય છે. શાસ્ત્રકારો કહે છે કે નવપદને ત્રણ તત્ત્વમાં સુપ્રતિષ્ઠિત કરી તેને આરાધનાર આત્મા નિર્મળ પદને પામે છે. મહાન વિજેતા બની અજિત બને છે.

---

વેળાની સહનશીલતા જોઇ હરકોઇ આત્માને હર્ષના ઉદ્દગાર કાઢવાનું સહજ મન થાય છે.

એક વાત સ્મૃતિપટમાં કોતરી રાખવાની છે કે એ સર્વ સતીઓ સંકટ આવતી વેળા ધૈર્ય ધારણ કરતી અને એમાં પતિનો દોષ જોયા વગર પોતાના પૂર્વકર્મોને નિમિત્તરૂપ માનતી. કુળવંતીઓ માટે એ માર્ગ જ આદરણીય છે.

આવી ચારુશીલા રમણીઓના ચરણમાં વંદન સિવાય શું ધરી શકાય?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"धम्मो जिणेहिं कहिओ तत्ततिगाराहणा मणो रम्मो।
तत्ततिगं पुण भणिअं देवो अगुरु अ धम्मो अ ।५६०
इक्किक्कस्स उ भेया नेया कमसो दु तिन्नि चत्तारि ।
तत्थऽरिहंता सिद्धा दो भेआ देवतत्तस्स ॥९६१॥
आयरिअ उवज्झाया सुसाहूणो चेव तिन्नि गुरुभेआ ।
दंसणनाणा चरितं तवो अधम्मस्स चउभआ ॥९६२॥
एए नवपयेसु अ वरिअं सासणस्स सव्वस्स ।
ता एयाइं पयाइं आराहइ परमभत्तिए ॥५६३॥

### ( પ્રથમ ) અરિહંત પદ

" અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે;
ભેદછેદ કરી આતમા, અરિહંતરૂપી થાય રે.
વીરજિનેશ્વર ઉપદિશે, તમે સાંભળજો ચિત્ત લાઈ રે;
આતમ ધ્યાને આતમા, રૂદ્ધિ મળે સવિ આઈ રે. [૧]

અરિહંત પદ શ્વેતવર્ણે છે. બાર ગુણે કરી સહિત છે. પૂજવાયોગ્ય છે. માનવાયોગ્ય છે, આદરવાયોગ્ય છે. તેવા શ્રી અરિહંત પદને મારી વારંવાર વંદના હોજો.

### ( દ્વિતીય ) સિદ્ધપદ

રૂપાતીત સ્વભાવ જે, કેવલ દંસણનાણી રે;
તે ધ્યાતા નિજઆતમા, હોય સિદ્ધ ગુણખાણી રે.
વીર૦ [૨]

સિદ્ધપદ રક્ત-લાલ વર્ણે છે. આઠ ગુણવડે કરી વિરાજિત છે. પૂજવા માનવા ધ્યાવવા યોગ્ય છે. તેને વારંવાર વંદના હો.

### (તૃતીય ) આચાર્ય પદ

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે,
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે.
વીર૦ [૩]

છત્રીશ ગુણવડે વિરાજમાન છે, પીતવર્ણે છે, પૂજવા, માનવા ને ધ્યાન કરવા યોગ્ય છે. તેને અનેકવાર વંદના હો.

### ( ચતુર્થ ) ઉપાધ્યાયજી પદ

તપસજ્ઝાયે રક્ત સદા, દ્વાદશ અંગના ધ્યાતા રે,
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગત્રાતા રે,
વીર૦ [૪]

નીલવર્ણે પચવીસ ગુણો સહિત પૂજવા, ધ્યાન કરવા અને માનવા યોગ્ય છે.

### ( પંચમ ) સાધુ પદ

અપ્રમત્ત જે નિત રહે, નવિ હરખે નવિ શોચે રે,
સાધુ સુધા તે આતમા, શું મૂંડે શું લોચે રે?
વીર૦ [૫]

સત્તાવીશ ગુણે વિરાજિત, શ્યામવર્ણે છે, પૂજવા માનવા ધ્યાન કરવા યોગ્ય છે. આદરવા યોગ્ય છે. આત્માને હિતકર્તા છે, તેવા સાધુ મહારાજ વંદના કરવા યોગ્ય છે.

### ( છઠ્ઠું ) દર્શન પદ

શમ સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે,
દર્શન તેહિજ આતમા, શું હોય નામ ધરાવે રે.
વીર૦ [૬]

સડસઠ ગુણે કરી સહિત શ્વેતવર્ણ છે. પૂજવા, માનવા ધારવા યોગ્ય ને આદરવા યોગ્ય છે. આત્માને સુખકારી છે. વંદના વારંવાર હો તે પદને.

### ( સાતમું ) જ્ઞાન પદ

જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે,
તો હુએ તેહિજ આતમા, જ્ઞાનઅબોધતા જાય રે.
વીર૦ [૭]

એકાવન ગુણવડે સંયુક્ત, શ્વેતવર્ણે પૂજવા, માનવા, આદરવા યોગ્ય, ધારવા યોગ્ય છે. તે પદને કોડોવાર વંદના.

### ( આઠમું ) ચારિત્ર પદ

જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે,
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહવને નવિ ભમતો રે.
વીર૦ [૮]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સીત્તેર ગુણે વિરાજમાન શ્વેત વર્ણે છે. એ પૂજ્ય પદને વંદન.

### (નવમું) તપ પદ

ઇચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે,
તપ તે એહિ જ આતમા, વર્તે નિજ ગુણ ભોગે રે.
વીર૦ (૯)

એ પદ બાર ગુણે કરી સહિત છે, શ્વેતવર્ણ છે, પૂજવા માનવા ને આદરવા યોગ્ય છે. આત્માને હિતકર્તા તેવા શ્રી તપ પદને ક્રોડોવાર વંદના હો ને નમન હો.

આવી રીતે ધ્યાન કરવાથી–તેમાં તન્મયતા સાધવાથી આત્મા તદ્રૂપ બને છે. એ જ પરમ ધ્યેય ધ્યાનરૂપ છે.

આ નવ પદમાં જિનશાસનનો સાર આવી જાય છે. સર્વ પૂર્વગત ભાવનું અવતરણ નવ પદોમાં છે. આના સિવાય બીજું કોઇ તત્ત્વ નથી, પરમાર્થ નથી. જે કંઈ છે તે નવપદ જ આરાધવા યોગ્ય ધ્યેય છે. જેથી દૃઢ આલંબન લેવાથી દુઃખરૂપ પૂર્ણ સંસારમાં ડૂબતા જીવોને ખરેખર સહાયભૂત બને છે, કારણ કે પુષ્ટાવલંબનરૂપ છે, જેમાં દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણેનો સમાવેશ થાય છે, તેથી ભવ્યાત્માઓએ દૃઢતર આલંબન કરવું ઉચિત છે. એ નવ પદનું સ–વિશેષ સ્વરૂપ ગીતાર્થ ગુરુઓ પાસે સમજી તુચ્છ ફળ–સંસારસુખની અભિલાષા છોડીને નવ પદનું સેવન કરવામાં આવે તો સ્વલ્પ કાળમાં અક્ષય નિર્મળ સુખની પ્રાપ્તિ થાય છે. નવ પદ અનંત ગુણનિધાન છતાં તેના અનુક્રમે ૧૨, ૮, ૩૬, ૨૫, ૨૭, ૬૭, ૫૧, ૭૦ અને ૧૨ ગુણો શાસ્ત્રકારોએ દર્શાવ્યા છે. તે પ્રમાણે તેટલા લોગસ્સનો કાઉસ્સગ્ગ, તેટલાં જ ખમાસમણાં અને તેટલી જ પ્રદક્ષિણા; વિગેરે ક્રિયા અનુષ્ઠાન સ્થિર ઉપયોગથી નવ દિવસ સુધી અનુક્રમે કરવા જણાવેલ છે. દરેક દિવસે વિનય, વૈયાવચ્ચ, મન, વચન, કાયાની શુદ્ધિપૂર્વક ભૂમિશયન, બ્રહ્મચર્ય–પાલન, ગુરુવંદન, શુદ્ધ શ્રદ્ધા, સાધર્મિક વાત્સલ્યપૂર્વક આરાધના કરનાર આત્મા પરમપદને પામે છે. સ્વર્ગના સુખનો પણ ભાગીદાર બને છે. બાહ્ય રીતે સિદ્ધચક્ર યંત્રનું પૂજન પ્રક્ષાલન અષ્ટપ્રકારી પૂજા વિગેરેથી રોગ શોક ભય દૂર થાય છે અને સંપદા મળે છે. આભ્યન્તર આરાધનામાં તો હૃદયકમળે અષ્ટકમળ દલની સ્થાપના કરીને તેના મધ્યમાં અરિહંત ભગવંતનું સમુજ્જવલ-શ્રેષ્ઠ બિંબ સ્થાપીને ચાર દિશામાં સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને સ્થાપવા. વિદિશાઓમાં ચાર ગુણની સ્થાપના દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપની કરવી. એકચિત્તથી બાહ્ય વ્યાપાર રોકીને નિર્મલ ધ્યાન–જપ કરવાથી કર્મ નિર્જરા થતાં આત્મા સહજાનંદ ચિદ્રૂપતાને પામે છે. આ ભવમાં બાહ્ય અને અભ્યંતર કરેલી આરાધના સુખસંપત્તિને આપે છે, આવતા જન્મે પણ સુખકારી નીવડે છે. શ્રીપાલના પૂર્વભવના આત્મા શ્રીકાંત રાજાએ તથા શ્રીમતીએ સામાન્ય રીતે નવપદની આરાધના વિધિપૂર્વક કરી હતી. તેથી **શ્રીપાલ અને મયણાસુંદરીને** ચાલુ જીવનમાં અપૂર્વ સહાયતા આપી. તેના બળે પુનઃ **સિદ્ધચક્રની** આરાધના કરી નિરુપદ્રવ જીવન બનાવી સુખના ભાગી બન્યા. દુનિયામાં અસાધારણ યશ–કીર્તિને પામ્યા. જીવનમાં ધર્મતત્ત્વ મેળવી અમૃતમય બન્યા. અધૂરા રહેલા સંસ્કારો બીજા જન્મમાં સાધનની સુંદરતા મેળવી પૂર્ણ ખીલી ઊઠ્યા. આરાધનાથી આત્મા જરૂર સુખી બને છે, કૃતકૃત્ય થાય છે. દરેક વખતે વિધિપૂર્વક ભાવોલ્લાસપૂર્વક આરાધના કરવી દરેક ભવિજનોને યોગ્ય છે, જેથી આત્મા મહાન લાભ મેળવી શકે છે,

" एयाइं जे केवि नवपयाइं,
आराहयंतिट्ठफलप्पयाइं ।
लहंति ते सुक्खपरंपराणं,
सिरिसिरिपालनरेसरुव्व ॥ १२४ ॥ "

"ઇષ્ટફળને આપનાર નવપદને જે ભવિ ભાવથી આરાધે છે, તેઓ શ્રીપાલ નરેન્દ્રની માફક સુખની પરંપરાને અવિચ્છિન્ન રીતે સહજે પામે છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીપાલ અને મયણાસુંદરી સિદ્ધચક્રના શ્રેષ્ઠ સાધનથી નવ જન્મ પછી મોક્ષસુખને મેળવશે. એમની આરાધના નિષ્કામ હતી તેવી સાધના આજે પણ કરવામાં આવે તો તેવો જ પ્રકાશ અને આનંદ મળી શકે. જેવી જેની ભાવના હોય તેવી સિદ્ધિ થાય છે. શ્રેષ્ઠપણું મેળવીને આરાધના કરવામાં આવે તો આરાધક અનંતજન્મના પાપોનો પ્રલય કરી આત્મસિદ્ધિ મેળવે છે. નવપદની આરાધના સમાન આ જગમાં કોઈ આરાધના નથી. સર્વ મંત્રોમાં નવકાર સમાન કોઈ મંત્ર નથી. દેવ, ગુરુ, ધર્મ સિવાય કોઈ પરમતત્ત્વ નથી મોક્ષસ્થાન સિવાય કોઈ અજેય સ્થાન નથી. જ્યાં જરા, મરણ, રોગ, શોક, પીડા કશું ય નથી—એ સ્થાન નવપદની આરાધનાથી આરાધકને અવશ્ય મળે છે. દેવદેવીઓ તેને અનુધારી સહાય કરે છે. અષ્ટસિદ્ધિની પ્રાપ્તિ સાથે નવે નિધાન મલે છે યાવત્ સર્વ ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય છે. નવપદની આરાધનાપૂર્વક સમભાવે તપ કરનારના નિકાચિત્ત કર્મો બંધાયેલાં હોય તે અવશ્ય નાશ પામે છે.

"નિકાચિત્તપણે બાંધીયા હોય તેહ બાળે."

શ્રદ્ધાવંતને તપનું અપૂર્વ ફળ મોક્ષ અને સ્વર્ગ મળે છે." નવપદ અને તેના માહાત્મ્યને પ્રભુ મહાવીર દેવે પ્રકાશ્યો છે. ચાર નિક્ષેપ અને સપ્તનયપૂર્વક નવપદનું જ્ઞાન મેળવી, આરાધના કરી, તેમાં તન્મય બનીને સિદ્ધચક્રને આરાધે તો જરૂર સાધક સિદ્ધચક્રરૂપ બને છે.

"एवं चट्ठिए अप्पाणमेव
नवपयमयं वियाणित्ता ।
अप्पांमि चेव निच्चं,
लीणमणा होह भो भविया ॥ ११४ ॥"

નવપદનું નિશ્ચયસ્વરૂપ વિચારી હે ભવ્યજનો, પોતાના આત્મસ્વરૂપમાં જ સદા લીન મનવાળા બનો અને સિદ્ધચક્રની આરાધના મન વચન કાયાથી ભાવપૂર્વક આરાધો.

★

व्याघ्रीव तिष्ठति जरा परितर्जयन्ती
रोगाश्च शत्रव इव प्रहरन्ति देहम् ।
आयुः परिस्रवति भिन्नघटादिवाम्भो
लोकस्तथाप्यहितमाचरतीति चित्रम् ॥

(શાર્દૂલ)

ઊભી છે વિકરાળ વાઘણ જરા, દાંતો બહુ પીસતી,
રોગો શત્રુ સમાન નિત્ય તનને, પીડા કરે છે અતિ;
ફૂટેલા ઘટથી જતા જળ પેઠે, આયુ સરી જાય છે,
લોકો તોય કુકર્મ નિત્ય કરતા, આશ્ચર્ય એ છે ખરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જર્મન તત્ત્વજ્ઞાની નિત્શે

[ એક પરિચય ]

પ્રો૦ જયંતિલાલ ભાઈશંકર દવે. એમ. એ

પ્રખ્યાત જર્મન ફિલસૂફ નિત્શે ૧૯ મી સદીનો મહાન બંડખોર વિચારક અને નાસ્તિકતાનો પયગંબર ગણાય છે. વળી અર્વાચીન જર્મન સરમુખત્યારનો જનક પણ નિત્શે જ હતો. રાજકારણમાં હિટલરે તેને અમલમાં મૂકયો એટલું જ. નિત્શેની વિચારસરણિના મુળમાં ડાર્વિનના નાસ્તિકતામય વિકાસવાદ (Materialistic Evolutionism) તથા શોપનહોરના પ્રબલ જીજીવિષાવાદ (Will to live) આ બન્નેની ખૂબ અસર દેખાઈ આવે છે.

પ્રથમ આપણે ડાર્વિનના વિકાસવાદને સંક્ષેપમાં જોઈ લઈએ. ડાર્વિનના મતે મૂળ જડદ્રવ્યમાંથી આ બધું સચરાચર વિશ્વ ઉત્પન્ન થયું. વળી ડાર્વિનના વિકાસવાદમાં એક એવું વિધાન છે કે વિશ્વમાં જીવોનો જે સતત સંઘર્ષ અને વિગ્રહ ચાલ્યા કરે જે તે જીવન-વિગ્રહમાં (Struggle for Existence) જીવવાને યોગ્ય બળવાન જ બચે અને જીવી શકે; નિર્બળ નમાલાઓનો ઉચ્છેદ થાય છે. આ ક્રમ કુદરતના એક વ્યાપક નિયમરૂપ છે, તે નીતિ અનીતિથી પર છે અને તે દ્વારા જ બ્રહ્માંડની તમામ વસ્તુઓ, તારામંડળોથી માંડીને માનવજાત-વિકાસના પંથે પ્રગતિ કર્યા કરે છે. બધાય વિકાસવાદમાં માનનારા વૈજ્ઞાનિકો અને વિચારકો આ બાબતમાં ડાર્વિનની સાથે સહમત થતા નથી. દાખલા તરીકે એક રશિયન વિચારક પ્રીન્સ ક્રોપોટકીને (Mutual Aid) (પરસ્પર તંત્રતા)માં સ્પષ્ટ બતાવ્યું છે કે ડાર્વિનનો મત અર્ધસત્ય છે. જીજીવિષા માટે પરસ્પર કલહ જીવનમાં દેખાય છે તો એટલું જ સ્પષ્ટ બલ્કે વધારે સ્પષ્ટ પણ દેખાય છે કે જીવનમાં પરસ્પર સહાયનું તત્ત્વ છે, પરસ્પર પ્રેમનું તત્ત્વ છે અને નીતિ પણ છે. પ્રેમ અને નીતિવગર સમાજમાં અરાજકતા જ રાજ કરે. જીવનની ઉચ્ચતર ભૂમિકાઓમાં તો પરસ્પરતંત્રતાને જ બળવાન વિકાસ સાધનારૂં ગણી શકાય.

શોપનહોરના જીજીવિષાવાદના પાયા ઉપર નિત્શેએ પોતાની સામાજિક અને રાજકારણીય વિચારસરણિની ઇમારત ઉભી કરી. નિત્શેના આ સિદ્ધાંતને–Will to Power સત્તા-એષણાવાદ તરીકે ઓળખવામાં આવે છે. એનું બીજું નામ Doctrine of the Superman છે. આપણે તેને નરપુંગવવાદ કે ઉત્તમ પુરૂષવાદ, પુરુષોત્તમવાદ એવું નામ આપી શકીએ. વિકાસવાદમાં જેમ નબળા નમાલાઓનું કોઈ સ્થાન નથી તેમ સમાજમાં તથા રાજકારણમાં પણ નિર્બળ વ્યક્તિઓનું સ્થાન નથી જ, તેથી જ સત્તાની એષણા નરપુંગવને હોય તે કુદરતનો ક્રમ છે. કુદરત જ તેને ન્યાય્ય ઠરાવે છે.

નિત્શે આવા નરપુંગવોને સમાજના ધારકબળ તરીકે ગણાવે છે. સમાજમાં જીવવાને માટે યોગ્ય તો બળવાન જ ગણી શકાય. તેઓ જ સમાજમાં સ્વામી છે, શાસક છે, પૂજાર્હ છે. બાકીના નિર્બળો તો સેવક તરીકે, દાસ તરીકે જીવે.

આવી સમાજરચનાને તે આદર્શ ગણે છે. તેના સમયમાં તે તત્કાલીન યુરોપના પ્રજાશાસનવાદ (Democracy)નો પ્રખર વિરોધી હતો. 'ડીમોક્રસી' તો 'મોબોક્રસી' (Mobocracy) એટલે ટોળાનું રાજ્ય છે એમ એ કહેતો.

For Private And Personal Use Only

કાર્લાઈલ નામના એક અંગ્રેજ વિચારક પોતાના "વીર અને વીરપૂજા" (Heros and Hero-worship) નામના પુસ્તકમાં નિત્શેના સિદ્ધાંતને મળતો મત પ્રતિપાદિત કરે છે. મહાવીરો, મહાપુરુષો જ ઇતિહાસના ઘડવૈયા છે તથા સર્વાંગીણ જીવનનું શાસન-નિયમન કરવામાં પ્રમાણરૂપ છે. નિત્શે કહે છે કે આવા નરપુંગવો રૂઢિસ્થાપિત નીતિ-નિયમોથી પર છે. સમાજમાં પ્રચલિત નીતિ-નિયમો તો ઇશ્વર જેવી કોઇ કલ્પિત વસ્તુના ભયથી ઊભા કરેલા વહેમો છે. ખ્રીસ્તીધર્મની માન્યતામાં ઇશ્વરના ભયને જ્ઞાનની શરૂઆત ગણી છે, The fear of God is the beginning of wisdom પણ જ્યાં સર્જનહાર ઇશ્વર જ નથી તો તેનાથી ભય શો પામવો ? આ બધું અજ્ઞાનમૂલક ભ્રમ છે. હવે તે જવું જ જોઇએ. બળ, વીર્ય, સાહસ-બસ, એ જ ધર્મ, એ જ નીતિ.

આપણે અહિં ભારતના દર્શનશાસ્ત્રોમાં સર્જનહાર ઇશ્વરની કલ્પના જૈન અને બૌદ્ધ દર્શનોએ તો નકારી જ છે. અને બીજાં દર્શનો પણ ઇશ્વરની કલ્પના જુદી જુદી રીતે આપે છે તેનો અહિં વિસ્તાર-ભયથી ઉલ્લેખ થઈ શકે તેમ નથી. ટુંકમાં સેમિટિક ધર્મો જેવા કે ખ્રીસ્તીધર્મ અને ઇસ્લામમાં જે પ્રકારનો ઇશ્વર માન્ય રખાયો છે તેવો આપણા દર્શનોમાં નથી.

હવે આપણે નિત્શેના દાર્શનિક વિચારો જોઇએ. નિત્શેના લખાણોની ખુબી કહો કે વિશિષ્ટતા તે એ છે કે પ્રમાણબદ્ધ દલીલોના કરતાં પોતાના મંતવ્યો રજુ કરવાની ધગશ અને તેની સ્વીકૃતિનો આગ્રહ વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. આ જ કારણે નિત્શેનાં લખાણોની અસર તત્ત્વજ્ઞાન કરતાં સાહિત્ય ઉપર વધારે પડી છે. ગુજરાતના સાક્ષરોમાં કનૈયાલાલ મુન્શી અને વાડીલાલ મો. શાહના લખાણોમાં તો તે સ્પષ્ટ દેખાઇ આવે છે.

નિત્શેના દાર્શનિક વિચારો રજુ કરતું મહાકાવ્ય Thus spake Zarathustra (જરથુસ્ત્ર ગીતા) નિરીશ્વરવાદ અને નરપુંગવવાદનો કળશ છે.

જરથુસ્ત્રે ફરતાં ફરતાં એક શહેરમાં એક જાદુગરને દોરડા પર ચાલતો જોયો. જાદુગર નીચે જમીન પર પટકાતાં મૃત્યુને શરણ થયો. તેની દફનક્રિયા પ્રસંગે જરથુસ્ત્ર એક પ્રવચન કરતાં ઉપદેશ કરે છે. તે કહે છે, 'હે લોકો, આ જાદુગરની માફક જોખમ ખેડતાં શીખો, સાહસમય જીવન જીવતાં શીખો, જીવનનું ખરું તત્ત્વ અને સત્ત્વ સાહસ છે. Live dangerously જ્વાલામુખીના શિખરો પર તમારાં ઘર બાંધો અને નગરો વસાવો. સાહસ કરો, જોખમ ખેડો, **बलं उपास्व**

રાજનીતિ( Political Philosophy )માં નિત્શેના નરપુંગવવાદના સિદ્ધાંતને મનુસ્મૃતિના બ્રાહ્મણ-વાદની સાથે સરખાવી શકાય. બ્રહ્મનિષ્ઠ ચારિત્ર્યશીલ બ્રાહ્મણો જ શ્રેષ્ઠ અધિકાર ભોગવે, એ મનુનો મત છે. પ્લેટોએ તેના Republicમાં પણ "તત્ત્વજ્ઞાનીઓ જ રાજશાસકો થવાને પાત્ર છે" એમ કહ્યું છે. બીજી એક બાબતમાં નિત્શે મનુને મળતો આવે છે. સ્ત્રી સ્વતંત્ર ન રહી શકે અને સ્વાતંત્ર્ય જીરવી પણ ન શકે, એવો મનુસ્મૃતિનો મત નિત્શેને પણ માન્ય હોય તેમ લાગે છે. નિત્શે કહે છે કે "Men must be educated for war, and women for home" અર્થાત્ સ્ત્રીઓ ઘર સાચવે ને પુરુષો સંગ્રામવીર બને.

સમાજમાં પ્રાકૃત માણસો જ બહુ સંખ્યામાં છે. નરપુંગવો બહુ અલ્પ છે અથવા નહિવત્ છે. પ્રાકૃત માણસોની બહુ સંખ્યાનું પરિણામ સમાજની અધોગતિમાં જ આવે પરંતુ દરેક સમાજમાં સમયે સમયે નરપુંગવો જન્મે છે અને તેથી જ આ આવા નરપુંગવોને-તે સમાજ ઊર્ધ્વપંથે લઇ જાય છે, અને માનવ-સંસ્કૃતિ તેથી જ ટકી રહે છે એવી નિત્શેની માન્યતા હતી,

□

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચિંતન અને મનન

પુરસદનો સમય બુદ્ધિપૂર્વક ભરી કાઢવાની શક્તિ હોવી, એ સંસ્કૃતિની છેકછેલ્લી દેણ છે.

-બર્ટ્રાન્ડ રસેલ

ભાષા એ પવિત્ર વસ્તુ છે. તે જીવનમાંથી —તેની વેદનાઓ અને સમાધિમાંથી, તેની ઊણપો અને ખેદમાંથી — જન્મે છે. દરેક ભાષા એ એક મંદિર છે. જેમાં તે બોલનારાઓનો આત્મા પ્રતિષ્ઠિત થયો હોય છે.

-ઓલિવર વેન્ડેલ હોલ્મ્સ

જે પરમાત્મા સર્વત્ર હાજરાહજૂર છે, તેની પાસે વહાણમાં હંકારીને નહિ પણ પ્રેમથી જ પહોંચી શકાય.

-સેઈન્ટ ઑગસ્ટાઈન

જુવાન માણસોને પુસ્તકિયા જ્ઞાનની જરૂર નથી, તેમ જ આ કે તે વસ્તુના શિક્ષણની જરૂર નથી; પરંતુ તેમનું કરોડરજ્જુ દૃઢ થાય એની જરૂર છે, જેથી તેઓ તેમના ઉપર મુકાયેલા વિશ્વાસને વફાદાર નીવડે, તત્કાળ આચરણ કરનારા બને, તેમની શક્તિઓને કેન્દ્રિત કરનારા બને તથા કાર્ય પાર પાડી આપનારા બને.

-એલ્બર્ટ હુબાડ

મનુષ્ય એ જ એકમાત્ર એવુ પ્રાણી છે કે જે, વસ્તુસ્થિતિ જેવી છે અને જેવી હોવી જોઈએ એ બે વચ્ચેના ભેદથી પ્રભાવિત થઈ શકે છે.

-વિલિયમ હેઝલિટ

નૈતિક રીતે જે ખોટું હોય તે કદી રાજકીય રીતે સાચું હોઈ શકે નહિ.

-ડેનિયલ ઓ'કોન્નેલ

જે લોકો બીજાઓને બધી વસ્તુઓ નકારી શકે છે, તેઓ જ પોતાને કશું ન નકારવા માટે વિખ્યાત હોય છે.

-લે હંટ

ઉત્તમ મનુષ્યનાં ત્રણ લક્ષણ છેઃ સદ્‌ગુણ-યુક્ત હોવાથી તે ચિંતા-મુક્ત હોય છે; ડહાપણ-યુક્ત હોવાથી તે મૂંઝવણ-મુક્ત હોય છે; અને બહાદુર હોવાથી તે ભય-મુક્ત હોય છે.

-કોન્ફ્યૂશિયસ

માણસ જ્યારે કોઈ જાહેર ટ્રસ્ટ સ્વીકારે, ત્યારે તેણે પોતાની જાતને જાહેર મિલકત ગણવી જોઈએ.

-થોમસ જેફર્સન

માણસની હત્યા થાય છે એમાં કંઈ યુદ્ધનું અસામાન્યપણું નથી; પરંતુ માણસની જ ક્રૂરતા, અન્યાય, છળકપટ અને અત્યાચારી હાથવડે માણસની હત્યા અને બરબાદી થાય છે, એ વાતમાં યુદ્ધનું અસામાન્યપણું છે.

વિલિયમ એલરી ચેનિંગ

યુદ્ધ એ માનવજાત ઉપર આવી પડનાર મોટામાં મોટો પ્લેગ છે. તે ધર્મનો નાશ કરે છે, રાજ્યોનો નાશ કરે છે, કુટુંબોનો નાશ કરે છે. તેના કરતાં બીજી કોઈ પણ મહામારી પસંદ કરવા જેવી છે.

-માર્ટિન લ્યૂથર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# ॥ साधवो न हि सर्वत्र ॥

જગતમાં જે વ્યક્તિઓ, જે પદાર્થો, જે ઘટનાઓની આપણે ખૂબ જરૂરત હોય છે તે જ દુર્ભાગ્યે બહુ ઓછી હોય છે. બીજા શબ્દોમાં આપણે એને ‘ વિરલ ’ કહીએ છીએ. અને એ ‘ વિરલ ’ છે માટે જ એની મહત્તા અને ગણના રહે છે. જગત એવી ‘ વિરલતા ’થી ભર્યું ભર્યું હોત તો તો ઘણું સારું. એ ‘ વિરલતા ’ તો ‘ સામાન્યતા ’ બની રહેત. અને એ ‘ સામાન્યતા ’ સર્વત્ર ઉભરાતી રહેતી હોત તો જગત આજે છે તેથી અધિક સુખી હોત.

એક સંસ્કૃત સુભાષિત કહે છે કે,

शैले शैले न माणिक्यम्, मौक्तिकं न गजे गजे ।
साधवो न हि सर्वत्र, चन्दनं न वने वने ॥

આનો અર્થ તો સીધો ને સરલ છે. પથ્થરે પથ્થરે માણેક નથી હોતા, હાથીએ હાથીએ મોતી નથી હોતા, સાધુપુરુષો અથવા ભલા માણસો–સજ્જનો સર્વત્ર નથી હોતા અને ચન્દન વૃક્ષ પ્રત્યેક વનમાં નથી હોતું.

સુભાષિતકારે સૂત્રશૈલીમાં ઘણું ઘણું કહી દીધું છે. માણેક, મોતી, સજ્જનતા અને ચન્દન વૃક્ષ પોતપોતાની રીતે ‘ વિરલ ’ છે. પ્રત્યેકને પોતીકી મહત્તા છે અને જગત એ ‘ વિરલતા ’ તથા મહત્તાને પિછાણી તેનું પૂરતું મૂલ્યાંકન પણ કરે છે.

આ મહત્તા કે વિરલતા કેળવવા માટે કોણ જાણે, સાધુપુરુષને કેટકેટલી આપત્તિઓમાંથી, અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડતું હશે. માણિક્ય પ્રગટે પથ્થર ફોડાય ત્યારે, મૌક્તિક પ્રગટે ગજનું ગંડસ્થળ ભેદાય ત્યારે, ચન્દન વૃક્ષ સાંપડે જંગલ છેદાય ત્યારે, સાધુપુરુષ પણ એમ ફોડાય, ભેદાય, છેદાય ત્યારે જ સાધુતાને શિખરે ચડે છે ને ?

ધન, યૌવન, ઐશ્વર્ય, સત્તા-બધું સાંપડે છે, સહેલાઈથી સાંપડે છે, પણ નથી સાંપડતી આ ‘ સાધુતા ’ અને જગત જેટલું સાધુસૂનું રહેવાનું એટલું નીચું રહેવાનું.

**‘ साधवो न हि सर्वत्र ’** તે સ્થાને **‘ साधव एव सर्वत्र ’** એવું ચરણ કોઇ નવા સુભાષિતકારને યોજવાનું મન થાય એવી ‘ સામાન્યતા ’ માં આ સાધુપુરુષની ‘ વિરલતા ’ ક્યારે આવશે ? કોણ જાણે ?

મધુકર રાંદેરિયા

મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only